જામિઅહ ઉલૂમુલ કુર્આન,
જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

માસિક

મે- ૨૦૧૯

ماہنامہ البلاغ
AL-BALAG MONTHLY

માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર



અલ - બલાગ

હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

''અલ્લાહ તઆલા પાસે દુઆ કરો તો દુઆની કુબૂલિયતનું પાકું યકીન રાખીને દુઆ કરો.

યાદ રાખો !

અલ્લાહ તઆલા ગફલત ભર્યા દિલની દુઆ કુબૂલ નથી ફરમાવતા.''

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી લેખ | ૩ |
| મઆરિફુલ હદીસ | ૫ |
| હિદાયતથી મહરૂમ કાફિર લોકો | ૧૨ |
| ઈસ્લામમાં રોઝાની શરૂઆત | ૧૫ |
| અયોગ્ય માણસને જિમ્મેદારી | ૧૯ |
| જામિઅહનો વાર્ષિક જલ્સો | ૨૪ |
| ઈસ્લામી શરીઅતમાં વકફ | ૨૬ |
| દિલ અને દિમાગને સાથે રાખો | ૨૮ |
| રમઝાનમાં આપ સલ.ની સખાવત | ૨૯ |
| ફતાવા વિભાગ | ૩૧ |
| બોધકથા | ૩૪ |
| THE PHILOSOPHY OF RAMADAN | ૩૫ |
| છેલ્લા પાને | ૩૮ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

મે – ૨૦૧૯ ઈ.

શાબાન, રમઝાન –૧૪૪૦ હિ.

વર્ષ – ૧૯, અંક – ૩

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

# સેહરીની ફઝીલત વિશે અમુક હદીસો

બુખારી શરીફમાં હઝરત ઝૈદ બિન ષાબિત રદિ. રિવાયત ફરમાવે છે કે, અમે બધાએ ભેગા મળીને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે સેહરી કરી અને પછી નમાઝ પઢી. હઝરત અનસ રદિ.એ પૂછયું કે, સેહરી અને અઝાન વચ્ચે કેટલો સમય હતો ? તો હઝરત ઝૈદ રદિ.એ જણાવ્યું કે ૫૦ આયતો પઢી શકાય એટલો સમય.

હઝરત અબ્દુલ્લાહ બિન હારિસ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના એક સહાબીની રિવાયત વર્ણવે છે કે, હું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે ગયો તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સેહરી ખાય રહયા હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : આ એક બરકતવાળી વસ્તુ છે જે અલ્લાહ તઆલાએ તમને આપી છે. માટે એને છોડશો નહીં.

હઝરત ઈરબાઝ બિન સારિયહ રદિ.ની રિવાયત ફરમાવે છે કે મેં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સાંભળ્યા છે કે લોકોને સેહરી ખાવાની તરગીબ આપતા હતા. અને ફરમાવ્યું : આ મુબારક ખાણું ખાવા આવો.

હઝરત શયબાન રદિ. રિવાયત ફરમાવે છે કે, એકવાર સહેરી કરીને હું મસ્જિદમાં આવી ગયો અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હુજરાની દીવારે અડીને બેસી ગયો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મારો અવાજ સાંભળ્યો તો ફરમાવ્યું : અબૂ યહયા છો ? મેં કહયું કે હા, તો ફરમાવ્યું : અંદર આવી જાઓ. હું અંદર ગયો તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હજુ સેહરી કરી રહયા છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ મને કહયું કે ખાવા આવી જાઓ. મેં અરજ કરી કે યા રસૂલલ્લાહ ! મારે રોઝો રાખવો છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : મારે પણ રોઝો રાખવાનો છે. આપણા મુઅઝ્ઝિનની આંખમાં થોડી ગરબડ છે. એટલે વહેલી અઝાન આપી દીધી છે. (તબરાની.)

———————————————————

*તંત્રી સ્થાનેથી.....*

રમઝાનમાં અલ્લાહ તઆલા તરફથી એનક પ્રકારની વિશેષ ઈબાદતો કરવાનો હુકમ છે, દિવસે રોઝો રાખવો, રાત્રે નમાઝ (તરાવીહ) પઢવી, વધુથી વધુ તિલાવત કરવી, ઝકાત, સદકહ, ખૈરાત કરવી, ગરીબો, યતીમો, નિરાધાર લોકોની સહાય.. નેક કામો માટે આ મહીનો મોસમ અને ઉજવણીનો છે, એમાં કરવાના નેકીના અનેકવિધ કામો અને બદલામાં મળતા અઢળક સવાબોના કારણે આ મહીનો અન્ય મહીનાઓ કરતાં ધણો જ ઉચ્ચ અને મહાન છે.

રોઝો : આ મહીનાની વિશેષ ઈબાદત છે, અનેક ફાયદાઓ સામે રાખીને માનવીને એના પાળવાનો આદેશ આપવામાં આવ્યો છે, રોઝા વડે માનવીને સબ્ર, સખાવત, ત્યાગ, તપસ્યા જેવા ઉચ્ચ ગુણોની આદત પાડવામાં આવે છે, અલ્લાહ તઆલા પ્રતિ ફરમાબરદારી અને આજ્ઞાપાલન વ્યકત કરવું રોઝાનું મહાન ધ્યેય છે, ખુદાએ આપેલ દોલત, અને ખાવા – પીવાની શકિત છતાં એ બધાથી ખોફ રાખીને અટકી જવામાં તકવાની તાલીમ છે.

એક હદીસ શરીફમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ રોઝાના લાભો દર્શાવતાં ફરમાવે છે કે,

હે નવયુવાનો ! તમારામાં જે કોઈ નિકાહની શકિત ધરાવતો હોય, એણે જરૂર નિકાહ કરવા જોઈએ, કારણ કે એનાથી નજરો નીચી અને શર્મગાહો મહફૂજ રહે છે અને જે કોઈ નિકાહની શકિત ન રાખતો હોય એણે રોઝા રાખવા જોઈએ, કારણ કે રોઝો માણસની કામના – વાસના (શહવત) તોડે છે.

એક બીજી હદીસનો ખુલાસો એ છે કે શયતાન માણસમાં નસોમાં દોડતા લોહીની જેમ ફરે છે અને ભુખ્યા રહેવાથી (રોઝા રાખવાથી) શયતાનના દોડવાની જગ્યા સાંકડી (બંધ) થઈ જાય છે.

આજકાલ ઘણા લોકોનું સંશોધન છે કે વર્ષમાં આ પ્રમાણે થોડા દિવસ ભુખ્યા રહેવાથી શરીરને પણ ઘણો જ ફાયદો થાય છે.

રોઝાની મોસમ ગણાતો આ મહીનાની એક એક મીનીટ કીમતી છે, હદીસ શરીફમાં આવે છે કે, રમઝાન આવે છે, ત્યારે જન્નતના દરવાજાઓ ખોલી નાખવામાં આવે છે, જહન્નમના દરવાજાઓ બંધ કરી દેવામાં આવે છે અને શયતાનોને સાંકળોથી જકડી લેવામાં આવે છે.

તિરમિઝી શરીફની રિવડાયતમાં છે કે, રમઝાનની પહેલી રાતથી જ માથાભારે શયતાનો અને જીન્નાતોને પકડી લેવામાં આવે છે, જહન્નમના દરવાજાઓ બંધ કરી દેવામાં આવે છે, પછી કોઈ પણ દરવાજો ખોલવામાં નથી આવતો, જન્નતના દરવાજાઓ ખોલી નાખવામાં આવે છે, પછી કોઈ પણ દરવાજા બંધ કરવામાં નથી આવતો, એક સાદ પોકારનાર પોકારે છે કે,

'હે ભલાઈ શોધનારાઓ ! આગળ વધો, હે બુરાઈઓ શોધનારાઓ અટકી જાઓ,' અલ્લાહના અનેક બંદાઓ આ રાતે જહન્નમથી છુટકારો મેળવે છે, અને આમ દરરોજ થાય છે.

હઝરત ઉબાદહ બિન સામિત (રદી.) રિવાયત ફરમાવે છે કે બરકતવાળો રમઝાન માસ તમારી પાસે આવી રહયો છે, એમાં અલ્લાહ તઆલા તમને એની સમીપ ખેંચી લે છે, રહમત ઉતારશે, ગુનાહો માફ કરશે, દુઆઓ કબૂલ ફરમાવશે, આ માસમાં તમારી ઈબાદતમાં એક બીજા પ્રત્યેની હરિફાઈ જોઈને ફરિશ્તાઓ ઉપર ગર્વ કરે છે, માટે અલ્લાહ તઆલાને તમારી ભલાઈ દેખાડો, જે કોઈ આ મહીનામાં પણ અલ્લાહ તઆલાની રહમતથી મહરૂમ રહી જાય એ બદકિસ્મત છે.

રમઝાનમાં દિવસે રોઝાની ઈબાદત આપવામાં આવી છે તો રાત્રે તરાવીહ અને નફલોની ઈબાદત આપવામાં આવી છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે અલ્લાહ તઆલાએ રમઝાનના રોઝા તમારા ઉપર ફરજ ઠેરવ્યા છે અને મેં તમારા ઉપર એની રાતોમાં ઉભા રહેવું (નમાઝો પઢવી) સુન્નત ઠેરવ્યું છે, જે માણસ ઈમાન સાથે અજ્ર અને સવાબની ઉમ્મીદ રાખીને રોઝો રાખશે અને રાત્રે નમાઝો પઢશે એ ગુનાહોથી એવો પાક – સાફ થઈ જશે જેમ પેદા થવાના દિવસે હતો.

રાતની નમાઝોમાં એક તો તરાવીહ છે, જે સુન્નત પ્રમાણે ૨૦ રકાત પઢવાની છે, બીજી તહજ્જુદ અને અન્ય નફલો છે, જેની કોઈ સંખ્યા નક્કી નથી, માણસ જેટલી પઢવા ઈચ્છે એટલી પઢી શકે છે.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ :** *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૩૨

## ખાસ હાલતો સાથે સંબંધિત નફિલો નમાઝો

ફરજ નમાઝોથી આગળ અથવા પાછળ પઢવામાં આવતી નફિલો અને એ પ્રમાણે તહજ્જુદ ઈશ્રાક, ચાશ્ત, આ બધી તે નફિલો છે જેના સમયો નક્કી છે. પરંતુ અમૂક નફિલો એવી છે જેનો સંબંધ કોઈ ખાસ સમય સાથે નથી. બલ્કે ખાસ હાલત સાથે છે. જેમકે : વુઝૂની બે રકાત (જેને બોલચાલમાં (તહિય્યતુલ્વુઝૂ) કહે છે. અથવા "તહિય્યતુલ્મસ્જિદ" એવી રીતે "સલાતે હાજત" સલાતે તૌબા" અને "ઈસ્તિખારા"ની નમાઝ વિગેરે, ખુલ્લી વાત છે કે તેમાંથી કોઈનો પણ વખત નક્કી નથી, બલ્કે જયારે પણ તે હાલતો અને જરૂરતો ઉભી થાય જેની સાથે એ નફિલોનો સંબંધ છે. તે જ સમયે પઢવામાં આવે છે. તેમાંથી "તહિય્યતુલ્વુઝૂ" વિષે હદીષો વુઝૂના બયાનમાં વર્ણન થઈ ચુકી છે. એ જ મુજબ "તહિય્યતુલ્મસ્જિદ" વિષે હદીષો પણ મસ્જિદોની મહત્વતા અને ફઝીલતના બયાનમાં આવી ગઈ છે. તે સિવાય આવા પ્રકારની બીજી નફિલો વિષે હદીષો નીચે વાંચો :

### ઈસ્તિગ્ફારની નમાઝ

(٢٢٦) عَنْ عَلِيٍّ قَالَ حَدَّثَنِيْ اَبُوْبَكْرٍ وَّصَدَقَ اَبُوْبَكْرٍ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ يَقُوْلُ مَا مِنْ رَجُلٍ يُذْنِبُ ذَنْباً ثُمَّ يَقُوْمُ فَيَتَطَهَّرُ ثُمَّ يُصَلِّى ثُمَّ يَسْتَغْفِرُ اللّٰهَ اِلَّا غَفَرَ اللّٰهُ لَهٗ ثُمَّ قَرَءَ وَالَّذِيْنَ اِذَافَعَلُوْا فَاحِشَةً اَوْ ظَلَمُوْا اَنْفُسَهُمْ ذَكَرُوْا اللّٰهَ فَاسْتَغْفَرُوْا لِذُنُوْبِهِمْ۔ (رواه الترمذى)

તરજુમોઃ– હઝરત અલી મુર્તુઝા (રદિ.)થી રિવાયત છે કે મારી સામે અબૂ

બકર (રદિ.)એ બયાન કર્યુ, (જેઓ બેશક સાચા અને સિદીક છે)કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાંભળ્યું, આપ ફરમાવતા હતા જેનાથી કોઈ ગુનોહ થઈ જાય, પછી તે ઉઠી વુઝૂ કરે, નમાઝ પઢે, પછી અલ્લાહથી મગફિરત અને માફી માંગે, તો અલ્લાહ તઆલા તેને માફ જ કરી દે છે. તે પછી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ કુર્આન પાકની આયત તિલાવત ફરમાવી.

﴿وَالَّذِيْنَ اِذَافَعَلُوْا فَاحِشَةً اَوْ ظَلَمُوْا اَنْفُسَهُمْ ذَكَرُوْا اللّٰهَ فَاسْتَغْفَرُوْالِذُنُوْبِهِمْ۔﴾

ખુલાસો :– આ આયત જે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ગુનાહોની મગફિરત બારામાં આ સમયે તિલાવત ફરમાવી સૂરએ આલે ઈમ્રાનની છે. ઉપર અલ્લાહના તે પરહેઝ ગાર બંદાઓનું વર્ણન છે. જેમના માટે ખાસ કરી જન્નત તૈયાર કરવામાં આવી છે. તે પછી આ આયત છે.

"وَالَّذِيْنَ اِذَافَعَلُوْا فَاحِشَةً اَوْ ظَلَمُوْا اَنْفُسَهُمْ ذَكَرُوْ اللّٰهَ فَاسْتَغْفَرُوْالِذُنُوْبِهِمْ۔
وَمَنْ يَّغْفِرُالذُّنُوْبَ اِلَّا اللّٰهُ وَلَمْ يُصِرُّوْا عَلٰى مَا فَعَلُوْا وَهُمْ يَعْلَمُوْنَ۔ اُولٰئِكَ
جَزَاءُ هُمْ مَغْفِرَةٌ مِنْ رَّبِّهِمْ وَجَنّٰتٌ تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا۔
وَنِعْمَ اَجْرُ الْعٰمِلِيْنَ۔ (آل عمران، ع،١٤) "

અર્થાત :– અને તે બંદાઓ (જેમની હાલત એવી છે કે) જયારે તેમનાથી કોઈ ખરાબ ગુનોહ થઈ જાય છે. અથવા કોઈ ખરાબ કામ કરી તેઓ પોતાની જાત પર ઝૂલ્મ કરી બેસે છે. તો જલ્દીથી તેમને અલ્લાહ યાદ આવી જાય છે. અને તેઓ તેનાથી પોતાના ગુનાહોની મગફિરત અને માફિના ચાહક બની જાય છે. અને અલ્લાહ વગર ગુનાહો માફ કરનાર કોણ છે ? અને તેઓ જાણી બુઝીને પોતાના કરેલા ગુનાહો પર અડી નથી જતા, એવા લોકોનો બદલો માફી અને બખ્શિશ છે. તેમના પાલનહાર તરફથી અને જન્નતના બગીચાઓ જેની નીચે નહેરો ચાલે છે. તેઓ તેમાં હમેશા માટે રહેશે. અમલ કરવાવાળાઓ માટે કેટલો સરસ બદલો છે.

આ આયતમાં તે ગુનેહગાર બંદાઓ માટે મગફિરત અને જન્નતની ખુશ ખબરી છે. જેમણે ગુનાહોને આદત અને ધંધો નથી બનાવ્યો, બલ્કે તેમની

હાલત એવી છે કે જયારે તેમનાથી કોઈ નાનો મોટો ગુનોહ થઈ જાય છે. તો તેઓ તેના ઉપર પસ્તાવો કરે છે. અને અલ્લાહ તરફ ધ્યાન ધરી તેની મગફિરત અને માફી ચાહે છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની આ હદીષમાં એવું બતાવવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલા તરફથી મગફિરત અને માફી મેળવવાની સારામાં સારી અને નક્કી રીત એ છે કે બંદો વુઝૂ કરી પહેલાં બે રકાત નમાઝ પઢે ત્યાર બાદ અલ્લાહ તઆલા પાસે પોતાના ગુનાહોની બખ્શિશ અને માફી માંગે, જો તે એ કરશે તો અલ્લાહ પાક તેના ગુનાહોની બખ્શિશનો ફેંસલો કરી જ દેશે.

### સલાતુલ હાજત

(٢٢٧) عَنْ عَبْدِاللّٰهِ بْنِ اَبِى اَوْفٰیؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ كَانَتْ لَهٗ حَاجَةٌ اِلَى اللّٰهِ اَوْ اِلٰى اَحَدٍ مِّنْ بَنِى آدَمَ فَلْيَتَوَضَّأْ فَلْيُحْسِنِ الْوُضُوْءَ ثُمَّ لِيُصَلِّ رَكْعَتَيْنِ ثُمَّ لِيُثْنِ عَلَى اللّٰهِ تَعَالٰى وَلِيُصَلِّ عَلَى النَّبِيِّ ﷺ ثُمَّ لِيَقُلْ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ۔ سُبْحَانَ اللّٰهِ رَبِّ الْعَرْشِ الْعَظِيْمِ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ اَسْئَلُكَ مُوْجِبَاتِ رَحْمَتِكَ وَعَزَائِمَ مَغْفِرَتِكَ وَالْغَنِيْمَةَ مِنْ كُلِّ بِرٍّ وَّالسَّلَامَةَ مِنْ كُلِّ اِثْمٍ لَاتَدَعْ لِىْ ذَنْبًا اِلَّا غَفَرْتَهٗ وَلَا هَمًّا اِلَّا فَرَّجْتَهٗ وَلَا حَاجَةً هِىَ لَكَ رِضاً اِلَّا قَضَيْتَهَا يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ۔ (رواه الترمذى وابن ماجة)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન અબી ઔફા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જેને કોઈ જરૂરત હોય અલ્લાહથી અથવા કોઈ માણસથી (એટલે ભલે તે જરૂરત એવી હોય કે તેનો સંબંધ સીધો અલ્લાહથી હોય, કોઈ બંદા સાથે તેનો કોઈ વાસ્તો જ ન હોય, અથવા એવી જરૂરત છે કે જોવામાં તેનો સંબંધ કોઈ બંદા સાથે હોય ગમે તેમ હોય) તેણે ખુબ સારી રીતે વુઝૂ કરવું જોઈએ. તે પછી બે રકાત નમાઝ પઢે, અને અલ્લાહની હમ્દો સના કરી, તેના નબી (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર દુરૂદ પઢે, અને પછી અલ્લાહના દરબારમાં આ પ્રમાણે અરજ કરે,''લા ઈલાહ ઈલ્લલ્લાહુલ્હલિમુલ્કરીમ સુબ્હાનલ્લાહિ રબ્બિલ અર્શિલ અઝીમ વલહમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન અસ્અલુક મુ'જિબાતિ રહમતિક વઅઝાઈમ મગફિરતિક વલગનિમત મિન કુલ્લિ બિર્રિવ વસ્સલામત મિન

કુલ્લિ ઈસ્મ લા તદઅ લી ઝમ્બન ઈલ્લા ગફરતહૂ વલા હમ્મન ઈલ્લા ફર્રજતહ વલા હાજતન હિય લક રિદન ઈલ્લા કદયતહા યા અરહમર્રરાહીમીન" (અલ્લાહ સિવાય કોઈ માલિક અને ઈબાદતના લાયક નથી તે ઘણો જ બુરદબાર (ગંભીર) અને ઘણો મોટો મહેરબાન છે. પાક અને પવિત્ર છે. તે અલ્લાહ જે અર્શે અઝીમનો પણ રબ અને માલિક છે. બધા વખાણ તે ખુદા માટે જે બધા જ જહાનો (દુનિયાઓ)નો રબ છે. એય અલ્લાહ! હું તારાથી સવાલ કરૂં છું તે અમલો અને અખ્લાક તેમ હાલતોનો જે તારી રહમતનું કારણ અને વસીલો ત્થા તારી મગફિરત અને બખ્શિશનું પાક સાધન બને, અને તારાથી દરેક નેકીથી ફાયદો ઉઠાવવા અને ભાગ મેળવવાની માંગણી કરૂં છું અને દરેક ગુનાહથી બચાવ અને સલામતી માંગું છું ખુદાવંદા! મારા બધા જ ગુનાહ માફ કરી દે, અને મારી દરેક ફિકર અને ગભરામણ દૂર કરી દે, અને મારી દરેક જરૂરત જેનાથી તું રાઝી હોય પુરી ફરમાવ, એય અરહમુર્રાહિમીન! બધા મહેરબાનોથી વધુ મહેબાન. (તિર્મિઝી, ઈબ્ને માજા)

ખુલાસો :– આ એક હકીકત છે કે જેમાં કોઈ મો'મિનને શંકા ન હોવી જોઈએ કે મખ્લૂકાત (સૃષ્ટી)ની દરેક જરૂરતો માત્ર અલ્લાહના હાથમાં અને કાબૂમાં છે દેખાવમાં જે કામો માણસોથી થતા જણાય છે ખરેખર તે પણ અલ્લાહના જ કાબૂમાં છે. અને તેના હુકમથી જ પાર પડે છે. "સલાતુલ્હાજત" ની જે રીત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ હદીષમાં તાલીમ ફરમાવી છે. તે અલ્લાહ તઆલાથી પોતાની જરૂરતો પુરી કરાવવાની સારામાં સારી ભરોષા પાત્ર રીત છે. જે બંદાઓને આ ઈમાની હકીકતો પર ભરોષો છે. તેમનો અનુભવ એ જ છે અને તેમણે સલાતે હાજતને અલ્લાહના ખઝાનાની ચાવી સમજી છે.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ હદીષમાં તે જરૂરતો માટે પણ "સલાતુલહાજત" શિખવી છે. જેનો સંબંધ જોવા જતાં બંદાઓ સાથે હોય, તેનો એક ખાસ ફાયદો એ પણ છે કે જયારે બંદો તેની એવી જરૂરત માટે પણ સલાતે હાજત પઢી અલ્લાહ પાસે એવી રીતે દુઆ કરશે તો, તેની એ માન્યતા અને ભરોષો વધુ દ્રઢ બનશે કે કામ કરનાર અને કાઢનાર ખરેખર તે બંદો નથી, ન તેના હાથમાં છે. બલ્કે બધુ અલ્લાહના જ કાબુમાં છે. અને તે

બંદો માત્ર કામ કાઢનાર અલ્લાહનુ સાધન છે. તે પછી જયારે કોઈ બંદાના હાથથી થતું દેખાશે, તો તેના તૌહીદના અકીદામાં કોઈ તફાવત આવશે નહીં.

(۲۲۸) عَنْ حُذَيْفَةَ قَالَ كَانَ النَّبِيُّ ﷺ اِذَا حَزَبَهٗ اَمْرٌ صَلّٰى۔ (ابوداؤد)

તરજુમો:– હઝરત હુઝૈફા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો ખાસ મામૂલ અને આદત હતી કે જયારે કોઈ ફિકરની વાત ઉપસ્થિત થતી અથવા કોઈ અગત્યની વાત સામે આવતી તો આપ નમાઝમાં મશ્ગૂલ થઈ જતા.

ખુલાસો :– કુર્આન પાકમાં પણ ફરમાવ્યું છે કે "اِسْتَعِيْنُوا بِالصَّبْرِ وَالصَّلٰوةِ" (મુશ્કેલીઓ અને અગત્યના કામોમાં હિંમત અને સબર, ત્થા નમાઝ મારફત અલ્લાહની મદદ મેળવો) આ ખુદાવંદી શિક્ષણ અને સુચના મુજબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની આદત હતી કે દરેક મુશ્કિલ અને અગત્યના કામમાં અલ્લાહની મદદ મેળવવા માટે નમાઝમાં મશ્ગુલ થઈ જતા હતા. અને ઉમ્મતને એની વિગતવાર રીત તે શિખવી જે હઝરત અબ્દુલ્લાહ બિન અબી ઔફાની ઉપરવાળી હદીષમાં વર્ણન થઈ.

### ઈસ્તિખારાહની નમાઝ

બંદાઓનું ઈલ્મ અધુરૂ છે. ઘણા વખત એવું બને છે કે કોઈ માણસ એક કામ કરવા ઈચ્છે છે. પરંતુ તેનું પરિણામ તેના માટે સારૂ નથી આવતું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેના માટે "ઈસ્તિખારાહની નમાઝ" તાલીમ ફરમાવી, અને બતાવ્યું કે જયારે કોઈ ખાસ અને અગત્યનું કામ આવી જાય તો બે રકાત નમાઝ પઢી અલ્લાહ પાકથી રસ્તાની દોરવણી, અને ભલાઈની તોફીક માટે દુઆ કરી લો.

(۲۲۹) عَنْ جَابِرٍ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ يُعَلِّمُنَا الْاِسْتِخَارَةَ فِى الْاُمُوْرِ كَمَا يُعَلِّمُنَا السُّوْرَةَ مِنَ الْقُرْاٰنِ، يَقُوْلُ اِذَاهُمْ اَحَدُكُمْ بِالْاَمْرِ فَلْيَرْكَعْ رَكْعَتَيْنِ مِنْ غَيْرِ الْفَرِيْضَةِ ثُمَّ لِيَقُلْ، اَللّٰهُمَّ اِنِّى اَسْتَخِيْرُكَ بِعِلْمِكَ وَاَسْتَقْدِرُكَ بِقُدْرَتِكَ وَاَسْئَلُكَ مِنْ فَضْلِكَ الْعَظِيْمِ فَاِنَّكَ تَقْدِرُ وَلَا اَقْدِرُ وَتَعْلَمُ وَلَا اَعْلَمُ وَاَنْتَ عَلَّامُ الْغُيُوْبِ۔ اَللّٰهُمَّ اِنْ كُنْتَ تَعْلَمُ اِنَّ هٰذَا الْاَمْرَ خَيْرٌ لِّىْ فِى دِيْنِىْ وَمَعَاشِىْ وَعَاقِبَةِ اَمْرِى (اَوْقَالَ فِى عَاجِلِ اَمْرِى وَ آجِلِهٖ) فَاقْدِرْهُ لِىْ وَيَسِّرْهُ لِىْ ثُمَّ

بَـارِكْ لِـیْ فِیْهِ وَاِنْ كُنْتَ تَعْلَمُ اَنَّ هٰذَا الْاَمْرَ شَرٌّ لِّیْ فِی دِیْنِیْ وَمَعَاشِیْ وَعَاقِبَةِ اَمْرِیْ (اَوْقَالَ فِی عَاجِلِ اَمْرِیْ وَآجِلِهٖ) فَاصْرِفْهُ عَنِّی وَاصْرِفْنِیْ عَنْهُ وَاقْدِرْ لِی الْخَیْرَ حَیْثُ كَانَ ثُمَّ اَرْضِنِی بِهٖ قَالَ وَیُسَمِّی حَاجَتَهٗ۔ (رواه البخاری)

તરજુમો:– હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)અમને અમારા કામોમાં ઈસ્તિખારહ કરવાની રીત એટલી જ પાબંદીથી શીખવતા હતા, જેટલી પાબંદીથી કુર્આન પાકની સૂરતો શીખવતા હતા. આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) અમને બતાવતા હતા કે જયારે તમારામાંથી કોઈ માણસ કોઈ કામ કરવાનો ઈરાદો કરે, (અને તેના પરિણામ વિષે ફિકરમંદ હોય તો તેણે આ પ્રમાણે ઈસ્તિખારો કરવો જોઈએ) પહેલાં બે રકાત નફિલ પઢે, પછી અલ્લાહ તઆલાના દરબારમાં આ મુજબ અરજ કરે,

" اَللّٰهُمَّ اِنِّی اسْتَخِیْرُكَ بِعِلْمِكَ وَاسْتَقْدِرُكَ بِقُدْرَتِكَ وَاَسْئَلُكَ مِنْ فَضْلِكَ الْعَظِیْمِ فَاِنَّكَ تَقْدِرُ وَلَااَقْدِرُ وَتَعْلَمُ وَلَا اَعْلَمُ وَاَنْتَ عَلَّامُ الْغُیُوبِ۔ اَللّٰهُمَّ اِنْ كُنْتَ تَعْلَمُ اِنَّ هٰذَا الْاَمْرَ خَیْرٌ لِّیْ فِی دِیْنِیْ وَمَعَاشِیْ وَعَاقِبَةِ اَمْرِی (اَوْقَالَ فِی عَاجِلِ اَمْرِی وَ آجِلِهٖ) فَاقْدِرْهُ لِیْ وَیَسِّرْهُ لِیْ ثُمَّ بَارِكْ لِیْ فِیْهِ وَاِنْ كُنْتَ تَعْلَمُ اَنَّ هٰذَا الْاَمْرَ شَرٌّ لِّیْ فِی دِیْنِیْ وَمَعَاشِیْ وَعَاقِبَةِ اَمْرِیْ (اَوْقَالَ فِی عَاجِلِ اَمْرِیْ وَآجِلِهٖ) فَاصْرِفْهُ عَنِّی وَاصْرِفْنِیْ عَنْهُ وَاقْدِرْ لِی الْخَیْرَ حَیْثُ كَانَ ثُمَّ اَرْضِنِی بِهٖ قَالَ وَیُسَمِّی حَاجَتَهٗ۔"

અર્થાત :– એય અલ્લાહ ! હું તારાથી તારી સિફતે ઈલ્મના વસીલાથી ખેર અને ભલાઈ માંગુ છું અને તારા મહાન ફઝલની ભીખ માંગુ છું, કેમકે તુ બળવાન છે. અને હું બિલ્કુલ નબળો છું અને તું સર્વસ્વ જાણનાર છે. અને હું હકીકતથી બિલ્કુલ અંજાણ છું, તું બધી છુપી વાતો પણ જાણે છે. બસ એય મારા અલ્લાહ! જો તારા ઈલ્મમાં આ કામ મારા માટે બેહતર હોય, મારી દુનિયા અને મારી આખિરત અને મારા દીનના આધારે તું એને મારા માટે મુકદર કરી દે, અને સહેલુ પણ બનાવ, તેમાં મારા માટે બરકત પણ આપ, અને જો તારી જાણ મુજબ એ કામ મારા માટે યોગ્ય નથી (અને એનું

પરિણામ ખરાબ આવનાર છે.) મારા દીન, દુનિયા અને આખિરતના આધારે, તો એ કામ મારાથી દૂર રાખ અને મને તેનાથી બચાવ, અને મારા માટે ખૈર ત્થા ભલાઈ મુકદર ફરમાવ. તે જયાં અને જે કામમાં હોય, પછી મને તે ખૈરવાળા કામથી રાઝી કરી શાંતિ આપ.

રાવીનું બયાન છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એ પણ ફરમાવ્યું કે જે કામ માટે ઈસ્તિખારહ કરવો હોય, ઈસ્તિખારહની દુઆ કરવાના સમયે તે કામનું સાફ નામ લે. (બુખારી શરીફ)

ખુલાસો :– જેમકે આ દુઆના વાકયોથી જણાય છે કે ઈસ્તિખારહની હકીકત અને એની રૂહ એ છે કે બંદો પોતાની આજીઝી (નમ્રતા) અને અભણતા ધ્યાનમાં રાખી તેને કબૂલ કરી પોતાના "અલીમે કુલ" અને "કાદિરે મુતલક" માલિકની દોરવણી અને મદદ માગે છે. અને પોતાની જરૂરત તેને સોંપે છે. કે જે તેના માટે યોગ્ય હોય તે જ કરી દે, એ રીતે તે તેના હેતુને અલ્લાહની મરજી મુજબ ફના કરી આપે છે. અને જયારે આ દુઆ દિલથી થાય છે જેમકે હોવી જોઈએ. તો બની જ નથી શકતું કે અલ્લાહ તઆલા તેના બંદાની દોરવણી અને મદદ ન કરે. હદીષમાં એનો કોઈ ઈશારો મળતો નથી કે અલ્લાહ તઆલાની દોરવણી તેને કઈ રીતે મળશે. પરંતુ અલ્લાહના બંદાઓનો અનુભવ છે કે એ દોરવણી ઘણી વાર સ્વપ્ના રૂપે કોઈ ભેદી, ઈશારા મારફત પણ થાય છે. અને કોઈવાર એવું પણ બને છે કે જાતે જ કામ કરવાનો જોશ અને શોખ દિલમાં ઉત્પન્ન થાય છે. અથવા તેની વિરૂધ્ધ તે કામથી દિલ બિલ્કુલ હટી જાય છે. એવી હાલતમાં એ બંને કેફિયતો અલ્લાહ તરફથી દુઆનું પરિણામ સમઝવું જોઈએ. અને જો ઈસ્તિખારા પછી અસમતોલ હાલત હોય તો ઈસ્તિખારો વારંવાર કરવો જોઈએ. જયાં સુધી કોઈ તરફ ધ્યાન કેન્દ્રિત ન થાય રોકાવું ન જોઈએ.

મતલબ કે આ સલાતે ઈસ્તિગ્ફાર, સલાતે હાજત, અને સલાતે ઈસ્તિખારહ મહામુલ્ય નેઅમતો છે. જે આ ઉમ્મતને રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) મારફત મળી છે. અલ્લાહ તઆલા આપણને એનાથી લાભ મેળવવાની તૌફીક આપે. આમીન

# હિદાયતથી મહરૂમ
# ત્રણ પ્રકારના નાફરમાનો અને કાફિરો

-- *મુફતી ફરીદ અહમદ કાવી.*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

كَيۡفَ يَهۡدِى اللّٰهُ قَوۡمًا كَفَرُوۡا بَعۡدَ اِيۡمَانِهِمۡ وَشَهِدُوۡۤا
اَنَّ الرَّسُوۡلَ حَقٌّ وَّجَآءَهُمُ الۡبَيِّنٰتُ‌ ؕ وَاللّٰهُ لَا يَهۡدِى
الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ ﴿۸۶﴾ اُولٰٓـئِكَ جَزَآؤُهُمۡ اَنَّ عَلَيۡهِمۡ
لَعۡنَةَ اللّٰهِ وَالۡمَلٰٓـئِكَةِ وَالنَّاسِ اَجۡمَعِيۡنَۙ ﴿۸۷﴾ خٰلِدِيۡنَ
فِيۡهَا ۚ لَا يُخَفَّفُ عَنۡهُمُ الۡعَذَابُ وَلَا هُمۡ يُنۡظَرُوۡنَۙ ﴿۸۸﴾
اِلَّا الَّذِيۡنَ تَابُوۡا مِنۡۢ بَعۡدِ ذٰلِكَ وَاَصۡلَحُوۡا فَاِنَّ اللّٰهَ
غَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿۸۹﴾ اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا بَعۡدَ اِيۡمَانِهِمۡ ثُمَّ
ازۡدَادُوۡا كُفۡرًا لَّنۡ تُقۡبَلَ تَوۡبَتُهُمۡ‌ ۚ وَاُولٰٓـئِكَ هُمُ
الضَّآلُّوۡنَ ﴿۹۰﴾ اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا وَمَاتُوۡا وَهُمۡ كُفَّارٌ
فَلَنۡ يُّقۡبَلَ مِنۡ اَحَدِهِمۡ مِّلۡءُ الۡاَرۡضِ ذَهَبًا وَّلَوِ
افۡتَدٰى بِهٖ ؕ اُولٰٓـئِكَ لَهُمۡ عَذَابٌ اَلِيۡمٌ وَّمَا لَهُمۡ مِّنۡ
نّٰصِرِيۡنَ ﴿۹۱﴾

તરજમહ : અલ્લાહ એવા લોકોને હિદાયતની રાહ કેવી રીતે બતાવે, જેમણે ઈમાન – એકરાર પછી અને એવી ગવાહી આપી ચુકયા પછી કે બેશક આ રસૂલ સાચા છે અને એમની પાસે સ્પષ્ટ નિશાનીઓ આવ્યા પછી ઈન્કાર (કુફ્ર) કર્યો, અને અલ્લાહ તઆલા આવા ઝાલિમ લોકોને હિદાયતની રાહ બતાવતા નથી. (૮૬) આ જ તે લોકો છે જેમની બદલો (સજા) આ છે કે એમના ઉપર અલ્લાહની અને ફરિશ્તાઓની તથા માણસો, બધાની જ, લાનત છે. (૮૭) તેઓ સદા લઅનતમાં જ રહેશે. એમના ઉપરથી ન તો અઝાબ હળવો થશે ન તો તો એમને મોહલત આપવામાં આવશે. (૮૮) બાકી તે લોકો જેમણે પછી તોબા કરી લીધી અને સુધરી ગયા, તો બેશક અલ્લાહ મોટો બખ્શનાર રહમવાળો દયાળુ છે. (૮૯) બેશક, જે લોકોએ એમના ઈમાન – એકરાર પછી ઈન્કાર (કુફ્ર) કર્યું, પછી કુફ્રમાં જ આગળ વધ્યા તો એમની તૌબા બિલ્કુલ કબૂલ થશે નહિ, અને આ લોકો જ

ગુમરાહ છે. (૯૦) બેશક, જે લોકો કાફિર થયા અને કાફિર રહીને મર્યા, તેઓ જો છુટવાના બદલે જમીન ભરીને સોનું પણ આપે તો બિલ્કુલ સ્વીકારવામાં નહીં આવે. આ તે લોકો છે જેમના માટે દર્દનાક અઝાબ છે અને એમનો કોઈ મદદગાર પણ નહીં હોય. (૯૧)

તફસીર : અગાઉની આયતોમાં યહૂદીઓ વિશે વર્ણન હતું કે રસૂલે ખુદાની રિસાલતને સમજવા અને ઓળખવા છતાં તેઓએ વિરોધ કર્યો તો અલ્લાહ તઆલાએ એમને હિદાયતથી મહરૂમ કરી દીધા. આ આયતમાં એનાથી મોટી ગુમરાહીનું વર્ણન છે, જે લોકો ઈમાન લાવ્યા પછી, રિસાલતની ગવાહી આપ્યા પછી, ખુદાની નિશાનીઓ જોયા પછી કાફિર બની જાય, અને દીનના રસ્તેથી પાછા વળી જાય તો અલ્લાહ તઆલા આવા લોકોને કેવી રીતે હિદાયત આપે, હિદાયત મેળવવા માટે માણસે પોતે પણ તો અલ્લાહ તઆલાની રહેમ નજરના પાત્ર બનવું જરૂરી છે, આવી નાફરમાની સાથે અલ્લાહ તઆલાની રહમત અને હિદાયતથી દોલત કેવી રીતે મળે ?

આવા લોકો સદાયે લઅનતમાં રહેશે. લઅનત, એટલે અલ્લાહ તઆલાની રહમતથી મહરૂમ હોવું. આવા લોકોને અલ્લાહ તઆલા, ફરિશ્તાઓ, અને લોકો પણ રહેમતથી મહરૂમ હોવાની દુઆ કરે છે, તો પછી લઅનત એટલે કે રહમતથી દૂર કાયમી અઝાબમાં સપડાયેલા રહેવામાં કોઈ શક બાકી નથી રહેતો. બલકે જહન્નમાં ગયા પછી પણ એમને જે અઝાબ આપવામાં આવશે, એમાં કોઈ નરમી વર્તવામાં નહીં આવે અને અઝાબ હળવો નહીં થાય.

આગળની આયતોમાં ત્રણ પ્રકારના માણસોનું વર્ણન છે. પ્રથમ એવા લોકો જે કુફ્ર અને ખુદા વ રસૂલના ઈન્કાર પછી તોબા કરી લે છે, કુફ્રમાં આગળ વધતા નથી, સુધરી જાય છે, ઈમાન – ઈસ્લામ સાથે બીજા નેક કામો કરે છે, તો અલ્લાહ તઆલા આવા લોકોના પાછલા ગુનાહો માફ કરી દેશે.

બીજા એવા લોકો જેઓ કુફ્ર – શિર્ક કર્યા પછી એમાં જ લાગેલા રહયા, એમાં જ આગળ વધતા રહયા તો કુફ્ર શિર્કમાં મશ્ગૂલ હોવાના

કારણે બીજા કોઈ ગુનાહોથી તોબા કરશે તો એ પણ કબૂલ કરવામાં નહીં આવે. પ્રથમ પ્રકારના લોકોની જેમ સહુપ્રથમ કુફ્ર – શિર્ક છોડીને એનાથી તોબા કરવી જરૂરી છે. અમુક તફસીરકારો લખે છે : મરણ પથારીએ ફરિશ્તો પ્રાણ કાઢવા આવે ત્યારે તોબા કરવા માંડે તો લોકોની આ કવખતની તૌબા બેકાર છે, કુબૂલ કરવામાં નહીં આવે.

ત્રીજા એવા કાફિરો છે, જેઓ આખી જિંદગી કાફિર રહયા, કુફ્રમાં આગળ વધતા રહયા અને કાફિર રહીને મર્યા, છેલ્લી ઘડીએ પણ એમને તોબાની સમજ ન પડી, એમના વિશે છેલ્લી આયતમાં વર્ણન છે કે, જો તેઓ અઝાબથી છુટવા માટે બદલામાં પૃથ્વી ભરીને સોનું પણ આપે તો આખિરતમાં સ્વીકારવામાં આવશે નહિ. બીજું, તેઓ માટે દુઃખદાયક શિક્ષા છે. ત્રીજું, તેઓ માટે કોઈ મદદગાર કે ભલામણ કરનાર થશે નહિ.

આખિરતમાં પૃથ્વી ભરીને સોનું આપવાનો મતલબ આ છે કે, માની લઈએ કે એમની પાસે આટલું બધું સોનું હોય અને તે આપવા તૈયાર હોય તો પણ સ્વીકારવામાં નહીં આવે. એટલે કે એમની માફીની કોઈ શકયતા જ નથી. બીજો મતલબ આ પણ હોય શકે છે કે જિંદગીમાં એમણે આટલું બધું સોનું ભલાઈના કામોમાં ખર્ચ કર્યું હોય અને એને આખિરતમાં બદલા સ્વરૂપે સ્વીકારવાની ખુદા સમક્ષ અરજ કરે તો એ સ્વીકારપાત્ર નહીં હોય.

અને સોનાનું વર્ણન ઉદાહરણ તરીકે છે. સોનું અથવા ગમે તેવી કીમતી અને મોંઘેરી વસ્તુ ગમે તેટલી માત્રામાં આપવામાં આવે, આખિરતમાં એ સ્વીકાર્ય નહીં હોય. આખિરતમાં ઈમાન કામ આવશે અને ઈમાન સાથે કરવામાં આવેલ નેક આમાલ કામ આવશે.

---

***દુઆએ મગફિરત :*** જામિઅહમાં ઈલેકટ્રીશયન – પ્લમ્બર તરીકે સેવા આપતા જ. ગુલામ ભાઈ દાદા, સાહેબના મોટા ભાઈ જનાબ હસન ભાઈ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન. વાચકોથી દુઆએ મગફિરત અને ઈસાલે સવાબની દરખાસ્ત છે.

# ઇસ્લામમાં રમઝાનના રોઝાની શરૂઆત

## અને પ્રથમ બે રમઝાન

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ રબીઉલ અવ્વલમાં હિજરત કરીને મદીના શરીફમાં ઠરીઠામ થયા. પછીના બીજા વરસે શાબાનની બીજી તારીખે અલ્લાહ તઆલાએ શાબાન પછીના મહીનામાં એટલે કે રમઝાનમાં આખો મહીનો રોઝા રાખવાનો હુકમ ફરમાવ્યો. ત્યારથી મુસલમાનો ઉપર રમઝાનના રોઝા 'ફરજ' થયા.

રોઝા ફરજ થવાના ઘટનાક્રમ વિશે હઝરત મઆઝ રદિ.ની એક હદીસમાં વિગતવાર વર્ણન છે. તેઓ ફરમાવે છે :

*નમાઝ ફરજ હોવાનો હુકમ ત્રણ તબક્કે આવ્યો છે, એવી જ રીતે રોઝા ફરજ હોવાના હુકમના પણ ત્રણ તબક્કા છે. રોઝાના તબક્કા આ મુબજ છે : નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મદીના શરીફ આવ્યા તો દર મહીને ત્રણ રોઝા રાખતા હતા અને આશૂરા એટલે કે દસમી મુહર્રમનો રોઝો રાખતા હતા.*

*ત્યાર પછી અલ્લાહ તઆલાએ રોઝા ફરજ ઠેરવ્યા અને આયત નાઝિલ ફરમાવી :*

يٰأَيُّهَا الَّذِيْنَ آمَنُوا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا كُتِبَ عَلىٰ الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ ....

وَ عَلىٰ الَّذِيْنَ يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ (بقرة :١٨٣-١٨٤)

*તરજમહ : હે ઈમાનવાળાઓ ! તમારા ઉપર રોઝહ ફર્ઝ ઠેરવવામાં આવ્યા છેજેવી રીતે કે તમારાથી પહેલાંના લોકો પર ફર્ઝ ઠેરવવામાં આવ્યા હતા. જેથી તમે અલ્લાહથી ડરનારા (મુત્તકી) બની જાઓ. (૧૮૩) ગણતરીના દિવસો (રોઝા રાખવાના) જ છે. માટે તમારામાંથી કોઈ માંદો હોય અથવા સફરે હોય તો તે બીજા દિવસોથી ગણતરી પૂરી કરે. અને જેઓ શક્તિ ધરાવતા હોય તેમના ઉપર એક મિસ્કીનનું ખાણું ફિદયો (રોઝાનો બદલો) છે.*

*આ આયતના આધારે શરૂમાં હુકમ આ હતો કે માણસ ચાહે તો*

રોઝો રાખે નહીં તો ગરીબોને ખાવું ખવડાવે. (એટલે કે રોઝો જ રાખવો પડે એ જરૂરી ન હતું, બલકે રોઝાના બદલે ગરીબોને ખાણું ખવડાવી દેવાની પણ છુટ હતી.)

પછી અલ્લાહ તઆલાએ હુકમ નાઝિલ ફરમાવ્યો કે,

شَهۡرُ رَمَضَانَ الَّذِیۡ اُنۡزِلَ فِیۡهِ الۡقُرۡاٰنُ ........ فَمَنۡ شَهِدَ مِنۡكُمُ الشَّهۡرَ فَلۡیَصُمۡهُ (بقرة : ١٨٥)

તરજમહ : રમઝાનનો માસ તે છે, જેમાં કુર્આન શરીફ ઉતારવામાં આવ્યું, જે લોકો માટે હિદાયત છે અને હિદાયતની તેમજ (હક અને બાતિલ વચ્ચે) ફરક કરતી ખુલ્લી ખુલ્લી નિશાનીઓ વર્ણવે છે. માટે તમારામાંથી જે કોઈને આ મહીના (નો સમય) મળે તેણે આ માસના રોઝહ જરૂરી રાખવાના છે.

આમ દરેક તંદુરસ્ત અને મુકીમ (સફરમાં ન હોય એવા માણસ) ઉપર રોઝો રાખવો જરૂરી ઠેરવવામાં આવ્યું અને બીમાર તેમજ મુસાફરને છુટ આપવામાં આવી. એવા રોઝો રાખવાની શકિત બિલ્કુલ ન હોય એવા વૃદ્ધો માટે જ રોઝાના બદલે ગરીબોને ખાવું ખવડાવવાની છુટ આપવામાં આવી.

હઝરત મઆઝ રદિ. ફરમાવે છે કે, રોઝાના હુકમના આ બે તબક્કા થયા. અને અત્યાર સુધી હુકમ આ હતો કે લોકો રાત્રે સુઈ જતાં પહેલાં ખાવું પીવું અને બીવી સાથે સોહબત કરતા હતા, અને એકવખત સૂઈ ગયા તો પછી ત્યારથી જ બધું બંધ. (એટલે કે સુબ્હે સાદિક અને સેહરી સુધી ખાવા પીવાની છુટ ન હતી. સૂતાં પહેલાં સુધી જ છટ હતી અને રાત્રે સૂઈ જઈએ ત્યારથી જ રોઝો શરૂ થઈ જતો.) ત્યાર પછી એકવાર એવું થયું કે એક અન્સારી સહાબી સિરમહ નામી હતા, તેઓ સાંજ સુધી રોઝો રાખીને કામ કરતા, રાત્રે ઘરે આવ્યા અને કંઈ પણ ખાધા પીધા વગર ઈશા પઢીને સુઈ ગયા. સવારે ઉઠયા તો રોઝો શરૂ.. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને જોયા તો ઘણા જ અશકત લાગતા હતા, પૂછયું કે, ઘણા કમઝોર લાગો છો ? શી વાત છે ? એમણે અરજ કરી કે યા રસૂલલ્લાહ ! ગઈ કાલે સાંજ સુધી કામ કરતો રહયો, અને ઘરે

*આવવાનો સમય થયો તો ઘરે આવીને બિસ્તર ઉપર પડીને સૂઈ ગયો અને સવારે ઉઠયો તો રોઝો હતો.*

*હઝરત મઆઝ રદિ. ફરમાવે છે કે, હઝરત ઉમર રદિ. સાથે એવું બન્યું કે રાત્રે સુઈ ગયા પછી ઉઠીને બીવી સાથે સોહબત કરી, એમને ભૂલનો એહસાસ થયો તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવીને અરજ કરી, તો આખરે અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફરમાવી :*

أُحِلَّ لَكُمْ لَيْلَةَ الصِّيَامِ الرَّفَثُ إِلٰى نِسَائِكُمْ ..... ثُمَّ أَتِمُّوا الصِّيَامَ إِلَى الَّيْلَ

(بقرة ۱۸۷)

*તરજમહ : તમારા માટે રોઝહની રાતમાં તમારી સ્ત્રીઓ સાથે ભેગા થવું હલાલ કરવામાં આવ્યું છે. તેણીઓ તમારા માટે પોશાક (સમાન) છે અને તમે એમના માટે પોશાક (સમાન) છો. અલ્લાહ જાણે છે કે તમે પોતાને ખયાનત(ના ગુનાહ)માં નાંખતા હતા, માટે અલ્લાહે તમારા ઉપર મહેરબાની કરી અને તમને માફ કરી દીધા. માટે હવે તમારી સ્ત્રીઓ સાથે (રાતે) સમાગમ કરો અને અલ્લાહે તમારા માટે જે કંઈ (અવલાદ અને પરસ્પરનું સુખ) તકદીરમાં લખ્યું છે તેની (પ્રાપ્તિની) આશા કરો. તેમજ ખાઓ અને પીઓ ત્યાં સુધી કે તમને સવારનું સફેદ કિરણ રાત્રિના કાળી લીટી સામે સ્પષ્ટ દેખાય જાય. પછી રાત સુધી રોઝહને પૂરો કરો.*

*(મુસ્નદે અહમદ, અબૂદાવૂદ, વગેરે.)*

ખુલાસો આ કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ શરૂમાં આશૂરાના દિવસે અને દર મહીને ત્રણ રોઝા રાખતા હતા. એમાં આશૂરાના દિવસનો રોઝો ફરજ હતો અને મહીનાના ત્રણ રોઝા નફલ હતા. રમઝાનના રોઝા ફરજ થયા એ પહેલાં ફકત આશૂરાનો રોઝો ફરજ હતો.

નોંધ : રોઝા પહેલા અને બીજા તબક્કા વચ્ચે અને બીજા અને ત્રીજા વચ્ચે કેટલો સમયગાળો છે એ વિશે કોઈ હદીસમાં સ્પષ્ટતા નથી. એક વરસ કે એથી વધુ પણ હોય શકે છે.

આ પહેલા રમઝાનમાં જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પહેલા અશરહનો એતેકાફ કર્યો હતો.

આ જ રમઝાનમાં ૧૭ તારીખે બદરની મશ્હૂર લડાઈ થઈ હતી. જેમાં મુસલમાનોને જીત મળી હતી.

આ જ રમઝાનમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પુત્રી હઝરત રુકય્યહ રદિ.ની વફાત થઈ હતી. તેઓ હઝરત ઉસ્માન રદિ.ના નિકાહમાં હતાં. અને હઝરત ઉસ્માન રદિ. એમની બીમારીના કારણે જ બદરની લડાઈમાં આવી શકયા ન હતા.

આ જ રમઝાનમાં હઝરત સઅદ બિન માલિક ખઝરજી રદિ.ની વફાત થઈ. તેઓ બદરમાં આવવા તૈયાર હતા, પણ તે પહેલાં જ એમનો ઈન્તેકાલ થઈ ગયો. ઝહબી રહ. ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ગનીમતના માલમાંથી એમના માટે હિસ્સો અલગ કર્યો અને એમના વારસદારોને આપ્યો હતો.

આ રમઝાનના અંતે સદકએ ફિત્ર વાજિબ ઠેરવવામાં આવ્યો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઈદના એક – બે દિવસ પહેલાં તકરીર ફરમાવીને લોકોને સદકએ ફિત્ર અદા કરવાનો હુકમ ફરમાવ્યો. (અલ બિદાયહ) એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : રમઝાનનો રોઝો આસમાન અને જમીન વચ્ચે અદ્ધર રહે છે, જયાં સુધી સદકએ ફિત્ર અદા કરવામાં ન આવ, આગળ નથી જતો. (અત્તરગીબ)

આ રમઝાન પછી પ્રથમ ઈદની નમાઝ અદા કરવામાં આવી.

હિજરતના ત્રીજા વરસે બીજી રમઝાન હતી. આ રમઝાન મહીનો મદીના શરીફમાં ગુઝર્યો. હઝરત ફાતિમહ રદિ.ના ઘરે હસન રદિ.નો જન્મ થયો. આ રમઝાનમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત હફસહ બિન્તે ઉમર રદિ. સાથે નિકાહ કર્યા. અને હઝરત ઝયનબ બિન્તે ખુઝયમહ રદિ. સાથે પણ આ રમઝાનમાં જ નિકાહ થયા. તેઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નિકાહમાં લગભગ આઠ મહીના જેટલો સમય રહયાં.

# અયોગ્ય માણસોને જિમ્મેદારી કયામતની નિશાની છે.

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ
'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ. *મુફતી ફરીદ અહમદ કાવી.*

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું કથન છે :

إذا وسد الأمر إلى غير أهله فانتظروا الساعة

અર્થાત : જયારે અયોગ્ય માણસોને જવાબદારી સોંપવામાં આવે તો કયામતની રાહ જુઓ. અજ્ઞાન અને દીનનું ઈલ્મ ન ધરાવાતા હોય એવા લોકો વિદ્વાન ઉલમા વિશે નિર્ણય કરવા માંડે, એ પણ આમાં જ આવી જાય છે. એવી જ રીતે એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે નાના (અયોગ્ય) લોકો પાસેથી દીનનું ઈલ્મ મેળવવાને પણ કયામતની નિશાની ફરમાવી છે.

કહેવાનો આશય આ છે કે, જે બાબતો વિશે કુરઆન અને હદીસમાં સ્પષ્ટ શબ્દોમાં કંઈ કહેવામાં નથી આવ્યું, અને એવી બાબતોમાં કુરઆન – હદીસના અન્ય આદેશોને સામે રાખીને દરેક આલિમ પોતાની સમજ પ્રમાણે શરીઅતનો હુકમ દર્શાવતા હોય તો એવી બાબતોમાં 'અહલે હક' ઉલમાને ખોટા ઠેરવવામાં કે એમનો વિરોધ કરવામાં ઉતાવળ ન કરવી જોઈએ. વિશેષ કરીને આવી બાબતે નાના લોકોએ વધું બોલવું ખોટું છે. હા, જે કોઈ બીજા આલિમ સમાન મરતબાનો હોય એને જરૂર અધિકાર છે કે સામે વાળાની વાતનો રદિયો આપે. એવી જ રીતે કોઈ આલિમની વાત સ્પષ્ટ રૂપે કુરઆન – હદીસના વિરુદ્ધ હોય તો એમાં એમની વાત માનવામાં નહીં આવે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : لا طاعة للمخلوق فى معصية الخالق એટલે કે અલ્લાહ તઆલાની નાફરમાની થતી હોય એવી બાબતોમાં કોઈ મખ્લૂકની વાત બિલ્કુલ માનવામાં નહીં આવે.

***મકસદ બદલવાથી હુકમ પણ બદલાય જાય છે.***

હવે મારી વાત ધ્યાનથી સાંભળો !

વર્તમાન બાબતો અને સમસ્યાઓમાં બુનિયાદી બાબત મુસલમાનોનો લાભ છે. વર્તમાનની તમામ બાબતો અને પ્રશ્નો આ ધ્યેયના તાબે છે. શરીઅતનો કાયદો છે :

الامور بمقاصدها والشيئ الواحد يتصف بالحل و الحرمة باعتبار ما قصد له

દરેક કામને એના મકસદના આધારે જોવામાં આવે છે. એક જ વસ્તુ મકસદ બદલાય જવાથી હલાલ પણ અને હરામ પણ હોય શકે છે.

એવી જ રીતે શરીઅતનો કાયદો છે : يحتمل الضرر العام لدفع الضرر العام

"મોટા અને કોમી નુકસાનથી બચવા નાનું અથવા વ્યકિતગત નુકસાન વેઠી લેવાનો હુકમ કરવામાં આવશે."

આવો જ એક કાયદો આ પણ છે : من ابتلى ببليتين فليختر أهونهما

"જે કોઈ માણસ સમક્ષ બે મુસીબતો હોય એણે હલકી મુસીબત અપનાવવી જોઈએ."

એક કાયદો આ પણ છે : إذا اجتمع الحلال و الحرام غلب الحرام

"કોઈ બાબતે હરામ અને હલાલ હોવાની બન્ને શકયતાઓ હોય તો હરામ હોવાનું પાસું ભારે રહેશે એટલે કે આવા કામને હરામ કહેવામાં આવશે."

આ બધા શરીઅતના બુનિયાદી સિદ્ધાંતો છે. પણ એના અધારે દરેક નાના મોટા પ્રશ્નો અને સમસ્યાઓ, મસ્અલાઓનો હુકમ સમજવો અને બતાવવો દરેક ચાલતા – ફરતા માણસનું કામ નથી. જે કોઈ કુરઆન – હદીસનું ઈલ્મ ધરાવતો હોય અને શરીઅતના સિદ્ધાંતોની સારી સમજ ધરાવતો હોય એવી વ્યકિત જ જાઇઝ – નાજાઇઝનું માર્ગદર્શન આપી શકે છે. જે માણસ કુરઆન – હદીસના સ્પષ્ટ હુકમો અને શરીઅતના સિદ્ધાંતોનો જાણકાર ન હોય, તે ફકત કોઈ આયત કે હદીસનો તરજુમો જોઈને હલાલ – હરામનો ફતવો દેવા માંડે તો મોટી બદદીની કહેવાશે.

ઉલમા અને બુઝુર્ગો વચ્ચેનો મતભેદ પણ આ કાયદાઓના આધારે જ છે.

એક સમાન મકસદ દરેકની સામે છે, મુસલમાનોનો લાભ અને મુસલમાનોને નુકસાનથી બચાવવા બન્ને ગ્રુપના ઉલમાએ કિરામનો મકસદ છે. અને આ જ મકસદ હોવો જોઈએ. સામાન્ય મુસલમાન પણ પણ એવું નથી ઈચ્છતો કે મુસલમાનોને કોઈ નુકસાન પહોંચે. પછી અલ્લાહના વલીઓ અને

વિદ્વાન ઉલમાએ કિરામ વિશે આવી બદગુમાની કરવામાં આવે તો એ કેટલી મોટી ભયંકર ભૂલ કહેવાય ?

મુસલમાનોના હિત સંબંધી ઉપરોકત આશયને પ્રાપ્ત કરવાના બે રસ્તાઓ છે, અને બધા જ સ્વીકારે છે કે બન્ને તરફ અમુક નુકસાનો અને ખતરાઓ છે. એટલે ફકત એટલું નક્કી કરવાનું રહે છે કે રસ્તે નુકસાન વધારે અને કયા રસ્તે ઓછું છે ? કયું નુકસાન વેઠી શકાય છે અને કયું નુકસાન ઉઠાવી શકાય એમ નથી ? કયું નુકસાન સિમિત છે અને કયું સાર્વજનિક ? આ બાબતને એક ઉદાહરણ દ્વારા સમજીએ. બે ડ્રાઈવરોએ મક્કા મુકર્રમહ જવું છે. ગાડી ચલાવવાના બન્ને રસ્તા કાચા છે, બન્ને રસ્તે દલદલ અને કાદવ આવે છે. લુટારાઓ પણ હશે એ નક્કી છે, બીજા ખતરાઓ પણ છે. પરંતુ બન્ને ડ્રાઈવરો વચ્ચે ઈખ્તેલાફ છે કે કયા રસ્તે ખતરો ઓછા છે, અને કયા રસ્તે વધારે ખતરો છે ? કયા રસ્તે જવાથી મંઝિલે પહોંચવાની આશા વધારે અને કયા રસ્તે ફસાઈ જવાની શકયતા વધારે છે ? કયા રસ્તે શકયતા છે કે કોઈ સરકાર આપણા કાફલાને અવો રોકી લે કે આગળ પણ ન જવા દે અને પાછો પણ ન આવવા દે ? આવી સ્થિતિમાં બન્ને ડ્રાઈવરો વચ્ચે મતભેદ હોય અને દરેકના મતે એક રસ્તે જવાથી મંઝિલે પહોંચવાની પૂરી આશા હોય અને બીજા રસ્તે જવામાં ખતરો વધારે હોય તો ડ્રાઈવરોની શી જવાબદારી બને છે ? આ જ ને કે, જે રસ્તે કોઈ ખતરો ન હોય અથવા મંઝિલે પહોંચવાની આશા વધારે હોય એવા રસ્તે લઈ જાય.

હવે તમે વિચારો કે તમારો જે ડ્રાઈવર રસ્તાના ખતરાઓની ફિકરમાં હોય, નુકસાન ઓછું થાય એની તદબીરો કરતો હોય, દિવસ રાત ફિકર કરતો હોય કે કેવી રીતે કાફલાને મંઝિલે પહોંચાડે ! એનો શુક્ર કરવામાં આવે અને આભાર માનવામાં આવે અથવા એને ગાળો આપવામાં આવે ? એની મદદ કરવામાં આવે કે પછી એની રાહમાં બીજી રુકાવટો ઉભી કરવામાં આવે ? અને જે મુસાફરો પોતાના રાહબરોની રાહમાં અને વ્યવસ્થામાં અવરોધો ઉભા કરે છે તેઓ પોતાના અને પોતાના ભાઈઓના દીનને ખતરામાં નાખે છે કે એમને ફાયદો પહોંચાડે છે ?

આ તબક્કે હું ફરીવાર કહીશ કે જે કોઈને એની સમજ અને અનુભવના આધારે કોઈ એક રસ્તે ખતરો ઓછો દેખાય તે પોતાની પસંદના રસ્તે જરૂર

ચાલે, પરંતુ કોઈ બીજા અનુભવીને એની પસંદના રસ્તે ચાલવાના કારણે ગાળો આપવી કે સતાવવું કયા ન્યાયની વાત છે ?

## ભારતના ભાગલા બાબતે અકાબિર બુઝુર્ગોના બે દષ્ટિકોણ

તમને ખબર છે કે લગભગ ૫૦ વરસથી ભારતમાં બે પ્રકારના રાજકીય દષ્ટિકોણ પ્રચલિત છે. એક આ કે મુસલમાનો અહિંયા લઘુમતિમાં છે, એમણે ભારતની બીજી કોમો સાથે સહિયારી રીતે રાજકીય પ્રવૃતિઓમાં શામેલ થવું જોઈએ. બહુમતિના વિરુદ્ધ જઈને કરવામાં આવતા પ્રયત્નો ફળદાયી થાય એ અઘરું છે. આ એકતા માટે કંઈક જતું કરવું પડે તો ભલે. બીજો વિચાર આ હતો કે હિંદુઓની સંકુચિતતા ના કારણે એમના સાથે હળી મળીને મંઝિલે પહોંચતા પહેલાં ઘણા બધા દીની – દુન્યવી નુકસાનો આપણે ઉઠાવવા પડશે. અને પછી પણ મકસદ પ્રાપ્ત થાય એ નક્કી નથી. આવી સ્થિતિમાં મુસલમાનોએ પોતાની આગવી સ્વતંત્ર લડાઈ લડવી જોઈએ. મારા બુઝુર્ગો આ બન્ને વિચારધારાઓમાં વહેંચાયેલા રહયા અને આજે પણ છે. બન્ને વિચારો પોતાના સ્થાને મહત્વના છે. કોઈ એક વિચારને સંપૂર્ણ રીતે ખોટો ન કહી શકાય. આવી સ્થિતિમાં જરૂરી આ જ છે કે જેના વિચારે જે બાબત મહત્વની હોય અને જેમાં નુકસાન ઓછું દેખાય એ રીતને અપનાવી અને પોતાના દોસ્તોને પણ સલાહ આપે કે આ રસ્તે ચાલવું લાભદાયી અને યોગ્ય છે. અને આ બન્ને સિવાય કોઈ ત્રીજો રસ્તો વચ્ચેનો નીકળતો હોય તો એને અપનાવવામાં આવે, શર્ત એટલી કે કોઈ સાચો રાહબર અને ડ્રાઈવર પણ સાથે હોય.

મને નવાઈ થાય છે કે આપણે નાના ઈખ્તેલાફના કારણે પણ કેટલા બધા ઉશ્કેરાય જઈએ છીએ ! અને પછી જેમને આપણા રાહબર અને બુઝુર્ગ માનતા હતા એવા વડીલોની શાનમાં પણ ગુસ્તાખી કરવા માંડીએ છીએ. આપણા બુઝુર્ગો અને વડીલો આવા જ હોય જેમ આપણે લખીએ અને બોલીએ છીએ તો પછી આ વડીલોના ચેલાઓની હાલત કેવી હશે એ સમજી શકાય છે. આવી સ્થિતિમાં આપણે ફકત અકાબિર બુઝુર્ગોની શાનમાં જ ગુસ્તાખી નથી કરતા, બલકે પોતાના અણઆવડત અને નાલાયકીનો પોતે જ ડંકો વગાડીએ છીએ.

કેટલા અફસોસની વાત છે કે કદી જે સુંદર આદતો અને સંસ્કાર મુસલમાનોની શોભા હતા આજે એ સંસ્કાર અન્ય લોકોએ અપનાવી લીધા છે અને મુસલમાનો એ સંસ્કાર છોડી રહયા છે. બીજી કોમોમાં અંદરોઅંદર વિરોધાભાસ અને અદાવત હોવા છતાં તેઓ એક અને સંગઠિત છે, વિરોધ છતાં એકબીજાની વાતને મહત્વ આપે છે. તેઓ ખાનગી રીતે બલકે જાહેર કરીને પણ પરસ્પર ગુપ્ત મશ્વેરાઓ કરે છે, અને બીજી તરફ આપણે કોઈ એક બુઝુર્ગના હિમાયતી હોવા અથવા એમની જમાઅતમાં હોવાનો મતલબ એટલો જ સમજીએ છીએ કે સામે વાળી જમાઅતથી લડાઈ કરીએ. એના વખોડવા અને વગોવવા પાછળ પડી રહીએ, ચાહે એમાં આપણું પોતાનું નુકસાન કેમ થાય કે બદનામી થાય, પણ જયાં સુધી સામે વાળા જલીલ ન થાય આપણું કલેજું ટાઢું નહીં થાય.

પાછલી સદીઓ અને પૂર્વજ બુઝુર્ગો – અસ્લાફની વાત નથી, મેં પોતે નજીકના ઝમાનામાં પોતાના ખાનદાનના બુઝુર્ગોના મોઢે કેટલાયે કિસ્સા સાંભળ્યા છે કે પરસ્પર પ્રોપર્ટીના ઝઘડાઓમાં સામસામે કેસ ચાલે છે, પણ કાંધલાથી પાંચ છ માઈલ દૂર કૈરાના તાલુકા મથકે બધા એક બળદગાડીમાં જતા હતા. જે પક્ષની સવારી પહેલી તૈયાર થઈ ગઈ બધા એમાં સવાર થઈ જતા. આ કિસ્સાઓમાં એક અજીબ વાત આ પણ સાંભળી હતી કે બે સગાઓમાં લાંબા સમયથી કેસ ચાલતો હતો. એ દરમિયાન પ્રતિવાદીનો ઈન્તેકાલ થઈ ગયો. વાદી તરફથી મરહૂમની બીવીને કહેવામાં આવ્યું કે મારી લડાઈ તો ભાઈ સાથે હતી, તમારી સાથે કોઈ ઝઘડો નથી, તમે જેમ એમના સગાં હતાં મારા પણ સગાં છો. કાગળો તમને મોકલાવું છું, જે તમે નક્કી કરશો એ મને મંજૂર છે. આ જ સદીનો કિસ્સો છે અને દુનિયાદારોનો કિસ્સો છે. શું પોતાને દીનદાર કહેનાર લોકો પણ આવું કરી શકે છે ? આપણી કોશિશો ભાંગ – ફોડ, તોડ નફરતના બદલે રચનાત્મક કામોમાં ખર્ચ થાય તો કેટલું સારું !

---

# જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસરનો

***30મો ઈનામી અને 'તકસીમે અસ્નાદ અને દસ્તાર બંદી''નો***

# ૨૧મો વાર્ષિક જલ્સો

***ચાલુ વર્ષે ડિગ્રી પ્રાપ્તકરનાર ''૩-મુફ્તી, ૪૪-આલિમ, ૩૯-કારી, ૩૯-હાફિઝ, ૩૦-કોમ્પ્યુટર કોર્ષ, ૪૫- ડીપ્લોમા અરેબીક અને ૪૩-ડીપ્લોમા પરશીયન'' તાલીબે ઈલ્મનું પદવીદાન સમારંભ***

અલ્હમ્દુલિલ્લાહ ! ૧૦–એપ્રિલ–૨૦૧૯ બુધવારના રોજ વાર્ષિક પરીક્ષાઓ પૂર્ણ થઈ. પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર તલબાએ કિરામને પ્રોત્સાહિત કરવા તા. ૫ / શઅબાન / ૧૪૪૦ મુતાબિક ૧૦ / એપ્રિલ / ૨૦૧૯ના ગુરૂવારના રોજ બપોરે ઝુહરની નમાઝ બાદ એક ઈનામી મજલિસનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેનું પ્રમુખ પદ અહકરે (હઝરત મવલાના મુફ્તી અહમદ સાહેબ દા.બ.) સંભાળ્યુ હતું. તિલાવતે કલામે પાક પછી અહકરે તલબાએ કિરામને ખાસ કરીને જામિઅહથી ફારિગ થતા તલબાને સંબંધોની અલ–વિદાઈ અનુસંધાનમાં કીંમતી વાતો રજુ કરી હતી. ત્યાર બાદ ફારસી – ઉર્દુથી લઈ તદરીબુલ ઈફતા સુધી તાલીમ હાસિલ કરતા તમામ તલબાને જનરલ ઈનામ તેમજ પ્રથમ અને બીજો નંબર પ્રાપ્ત કરનારને ખુસૂસી ઈનામો (વાસણો – કિતાબો તેમજ રોકડ ઈનામોના રૂપમાં) જામિઅહના અસાતિઝએ કિરામના હસ્તક અર્પણ કરવામાં આવ્યા હતા.

અંતે અહકરે (હઝરત મુહતમિમ સાહેબે) તલબાએ કિરામને પોતાની મહામૂલી વાતો રજુ કરી રજાઓમાં તાલીમ સાથે સંકળાયેલા રહેવા તાકીદ કરી તેમજ તલબાએ કિરામને અભિનંદન આપી વર્ષો વર્ષ સારી પ્રગતિ કરે એવી દુઆ કરી હતી. અંતમાં દુઆ કરી જલ્સાની પૂર્ણાહૂતિ થઈ હતી.

તા. ૭/શઅબાન/૧૪૪૦ હિજરી, ૧૩–એપ્રિલ–૨૦૧૯ શનિવારના રોજ સવારે ૯/૩૦ કલાકે જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનો દસ્તારબંદીનો એકવીસમો અને વાર્ષિક ૩૦મો જલસો જામિઅહની વિશાળ મસ્જિદમાં રાખવામાં આવ્યો. આ મુબારક પ્રસંગે નામાંકિત ઉલમાઅ તશરીફ લાવ્યા હતા.

જલ્સાના મુખ્ય મહેમાન તરીકે **હઝરત અકદસ પીરે તરીકત મવલાના મુફ્તી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.** (સદર મુફ્તી – જામિઅહ તાલિમુદ્દીન : ડાભેલ) અને દાઈએ કબીર બકીય્યતુસ્સલફ **હઝરત મવલાના ઈબ્રાહીમ**

**દેવલવી સાહેબ દા.બ.** (રૂકને મજલિસે શુરાઃ દઅવતો તબ્લીગ, ખલીફા વ મજાઝ : મવલાના કારી અમીરુલ હસન હરદોઈ રહ.) તેમજ **હઝરત મવલાના ખાલિદ સય્ફુલ્લાહ રહમાની સાહેબ દા.બ.** (જનરલ સેક્રેટરી : ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ – સેક્રેટરી : ઈસ્લામિક ફિકહ એકેડમી ઈન્ડિયા) હાજર રહયા હતા.

જલ્સાનો પ્રારંભ કલામે પાકની તિલાવત તેમજ હમ્દેબારી રજુ કર્યા પછી ચાર તાલિબે ઈલ્મોએ ઉર્દૂ ભાષામાં પોતાની તકરીરો રજુ કરી હતી. ત્યાર બાદ અહકરના દિકરા જામિઅહના નાયબ મુહતમિમ મવલાના અરશદ દેવલ્વીએ જામિઅહનો વાર્ષિક રીપોર્ટ રજુ કરી આવનાર મહેમાનોનો આભાર વ્યકત કર્યો હતો. ત્યારબાદ તલબાએ કિરામને બુઝુર્ગ ઉલમાએ કિરામ અને અસાતિઝએ જામિઅહના મુબારક હસ્તે દસ્તારબંદી કરવામાં આવી અને સનદ વિતરણ કરવામાં આવી. સનદ વિતરણ બાદ નિકાહની મજલિસ હતી જેમાં હઝરત મવલાના મુફતી અહમદ ખાનપૂરી સાહેબ (દા.બ.) એ આઠ જોડાઓની નિકાહ પઢાવી હતી.

નિકાહ બાદ અતિથિ વિશેષ હઝરત મવલાના ખાલિદ સૈફુલ્લાહ રહમાની સાહેબે દેશની હાલની પરિસ્થિતિનો દ્રશ્ય ખેંચીને આવી કપરી પરિસ્થિતિમાં આલિમો તથા જાહેર મુસ્લિમોએ શું કરવું એ બાબતે પોણા કલાક સુધી પોતાની આગવી શૈલીમાં વિસ્તારથી રજુઆત કરી ફારિગ થનાર ઉલમાએ કિરામ તેમજ જાહેર જનતાને પોતાની જવાબદારીઓનો ભાન કરાવ્યું હતું. ત્યાર બાદ હઝરત મવલાના ઈબ્રાહીમ દેવલવી સાહબ (દા.બ.)એ પોતાના કીંમતી મલ્ફૂઝાતથી હાજરજનોને ફયઝવંત ફરમાવ્યા હતા.

અંતે જલસાના પ્રમુખ હઝરત મવલાના મુફતી અહમદ ખાનપૂરી સાહેબ (દા.બ.) એ દુઆ ફરમાવી હતી. અલ્હમ્દુલિલ્લાહ આ મુબારક પ્રસંગે જામિઅહના મોભાના ટ્રસ્ટી હઝરત મવલાના કારી યુસૂફ અફ્રિકી સા. (દા.બ.) તેમજ જામિઅહના મુહસિન કારી ઈકબાલ સારોદી સા. (દા.બ.) અને ગુજરાતના મદારિસમાંથી ઉલમાએ કિરામ તેમજ દૂરદૂરના વિસ્તારોમાંથી મોટી સંખ્યામા જનમેદનીએ હાજરી આપી માનનીય હસ્તીઓની નસીહતો તેમજ કીમતી મલ્ફુઝાતથી ભરપૂર લાભ ઉઠાવ્યો.

---

# ઇસ્લામી શરીઅતમાં ’વકફ’ ... સુવિધા અને મહત્વ ...

ઈસ્લામી શરીઅતમાં 'વકફ'નો હુકમ અને સુવિધા અનેરું અને બહુમુખી મહત્વ ધરાવે છે. પોતાની પ્રોપર્ટી પોતાના માટે, પોતાના વંશ માટે અને ઉમ્મતના ગરીબો માટે એવી રીતે મહફૂઝ કરી દેવામાં આવે કે તેઓને દુનિયામાં નિરંતર એનો લાભ મળતો રહે અને માલિકને આખિરતનો સવાબ પણ નિરંતર મળતો રહે, એનું નામ વકફ છે, અને દીન – દુનિયા બન્નેમાં લાભ આપનારી એક અનોખી સુવિધા છે. હદીસ શરીફમાં એની ફઝીલત પણ આવી છે અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતે પણ વકફ ઉપર અમલ કરીને લોકોને એની પ્રેરણા આપી છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

إذا مات الإنسان انقطع عنه عمله إلا من ثلاثة : صدقة جارية أو علم ينتفع به أو ولد صالح يدعو له

માણસ મરી જાય પછી એના અમલનો સિલસિલો બંધ થઈ જાય છે. હા, ત્રણ કામો(ની અસર) બાકી રહે છે. એક : સદકએ જારિયહ, બે : લોકોને શીખવાડેલું લાભદાયી જ્ઞાન – ઈલ્મ, ત્રણ : નેક અવલાદ જે એના માટે દુઆ કરતી રહે.

ઈમામ નવવી રહ.એ આ હદીસનું વિવરણ કરતાં લખ્યું છે કે વકફ પણ એક પ્રકારનો સદકએ જારિયહ છે. જેની આ હદીસમાં ફઝીલત વર્ણવવામાં આવી છે.

મદીના શરીફમાં એક યહૂદી સજ્જન હતા. ખજૂરની સાત વાડીઓના માલિક હતા. તેઓ મુસલમાન થઈ ગયા. ગઝવએ ઉહદમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે શરીક થયા અને જતાં પહેલાં એમના પુત્રોને વસીય્યત કરી ગયા કે જો હું શહીદ થઈ જાઉં તો આ સાતેવ વાડીઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આપી દેજો.

અલ્લાહનું કરવું કે તેઓ લડાઈમાં શહીદ થઈ ગયા. એમના પુત્રો થકી આ વાડીઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હાથમાં આવી તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ વાડીઓ વકફ કરી દીધી.

સીરતકારો લખે કે આ વાડીઓ ઈસ્લામમાં સૌથી પહેલાં વકફ થનાર મિલ્કત છે. ઈસ્લામના આરંભકાળથી આ જ દિન સુધી વકફની આ પરંપરા જારી છે. અને મુસલમાનોના કોમી, દીની, સામાજિક, અનેક કામો અંજામ આપવામાં વકફ મિલ્કતો સહાયક બને છે.

આજે મુસલમાનો વિશ્વભરમાં ફેલાયેલા છે. અને વધુ પડતા મુસલમાનો બિન ઈસ્લામી દેશોમાં રહે છે. આવા મુસલમાનોની દીની – દુન્યવી જિંદગીને લગતા ઘણા કામો વકફ થકી જ પૂરા થાય છે. બલકે મુસ્લિમ સરકારો, પૂરા એમના પ્રદેશ ઉપર પૂરા અધિકાર અને સરકારી સંપત્તિની માલિક હોવા છતાં ભૂતકાળથી આજ સુધી વકફની મોહતાજ રહી છે. અને મુસ્લિમ દેશોમાં પણ મુસલમાનોના ઘણા ધાર્મિક અને સામાજિક કામો વફક થકી જ પૂરા થાય છે.

ઈસ્લામી સાહિત્યમાં આ જ કારણે વકફના વિષયે લખવામાં આવેલ કિતાબોની સંખ્યા ઘણી વધારે છે. લોકોમાં પહેલેથી જ વકફની પરંપરા છે. એનું સંચાલન અને રક્ષણ મુસ્લિમ સમાજના હાથમાં હોય છે. એના લાભો હઝારો લાખો લોકોને પહોંચતા હોય છે, તો પછી એના લગતા પ્રશ્નો અને મસ્અલાઓ પણ વધારે હોય, એ સ્પષ્ટ છે. અને જે વિષયના પ્રશ્નો – મસ્અલાઓ વધારે હોય એના ઉપર ઉમ્મતના વિદ્વાનો, મુફતીઓ, ફુકહાએ કિરામ વધારે ધ્યાન આપીને શરીઅતનું માર્ગદશર્ન આપે એ પણ સ્પષ્ટ છે.

આપણી આસપાસ આજે અનેક મિલ્કતો વકફની હોય છે. મસ્જિદો, મદરસાઓ, કબ્રસ્તાનો, મુસાફરખાના, દવાખાના, વગેરે... મિલ્કતો વકફની હોય છે. આપણે એનાથી ફાયદો ઉઠાવીએ છીએ. આપણી ફરજ બને છે કે આ મિલ્કતોની જાળવણી કરીએ. એનો લાભ લાંબો ચાલે, વધુ લોકો સુધી પહોંચે એવી કોશિશ કરીએ.

# દિલ અને દિમાગને સાથે રાખો

દુનિયામાં સામાન્ય રીતે બે પ્રકારના માણસો હોય છે. અમુક માણસો દિલની લાગણીઓના આધારે ફેસલા કરતા હોય છે. તો બીજા માણસો દિમાગથી વિચારીને નફા નુકસાનની ગણતરી માંડીને કોઈ નિર્ણય કરતા હોય છે. આપણી આસપાસ પણ આપણે બન્ને પ્રકારના માણસો જોઈ શકીએ છીએ. અને જેવો માણસો હોય એ મુજબ આપણે એની સાથે મામલો કરીએ છીએ. લાગણીશીલ માણસને આપણે લાગણીઓ, સગાઈ, દોસ્તી અને હમદર્દીનો વાસ્તો આપીને આપણી વાત રજૂ કરીએ છીએ, અને નફો – નુકસાન સમજનારને આપણે પ્લસ, માઈનસના પોઈન્ટ સમજાવીને આપણી વાત મનાવીએ છીએ. સામાન્ય રીતે બુદ્ધિના આધારે, નફા – નુકસાનની ગણતરી માંડીને ફેસલો કરનાર લોકો બુદ્ધિમાન અને ચતુર ગણાય છે. અને આપણે પૂર્વના લોકો પશ્ચિમ વાસીઓને આ જ આધારે ચતુર અને હોશિયાર ગણીએ છીએ. એનાથી વિપરીત પૂર્વના લોકો એટલે કે એશિયા ખંડના લોકો લાગણીશીલ ગણાય છે. લાગણીશીલ હોવું અને લાગણીના આધારે નિર્ણય કરવા, ઉતાવળા અને અશકત લોકોની નિશાની છે. એમ પણ કહેવાય છે કે બુદ્ધિના આધારે નિર્ણય કરનાર લોકો સમીક્ષા અને ટીકા કરવાની શકિત ધરાવતા હોય છે. સારા નરસા અને સાચા ખોટાની પરખ કરવાની હિમ્મત અને આવડત ધરાવતા હોય છે. અને લાગણીશીલ લોકો સામાન્યપણે આવી આવડત અને કાબેલિયત વાળા નથી હોતા.

અલબત્ત આપણા માટે શીખવાની વાત આ છે કે કોઈ પણ બાબતે ફકત દિલ કે ફકત દિમાગના આધારે નિર્ણય ન કરવો જોઈએ. માણસના આર્થિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય જીવનથી સલંગ્ન બાબતોનો નિર્ણય કરતી વેળા દિલની લાગણી અને દિમાગની શકિત, બન્ને સાથે રાખીને નિર્ણય કરવો જરૂરી છે. જરૂરતથી વધારે લાગણીશીલ બનીને કોઈના હિમાયતી બની જવું કે વિરોધી બની જવું ખોટું છે. એવી જ રીતે ફકત નફા – નુકસાનનો જ હિસાબ કરવો અને સંબંધો, લાગણીઓને એક તરફ મૂકીને નિર્ણય કરવો પણ ખોટો છે. ઘણી જગ્યાએ સંબંધો અને લાગણીઓ સાચવવા ખાતર નફાના બદલો નુકસાન વેઠવું માણસ માટે આવશ્યક હોય છે. અને ઘણીવાર લાગણીઓ જતી કરીને નુકસાનથી બચવું મહત્વનું હોય છે. માટે માણસે સદાએ લાગણી અને બુદ્ધિને સાથે રાખીને કોઈ નિર્ણય કરવો જોઈએ. અલ્લામહ ઈકબાલનો એક શેર છે :

اچھا ہے دل کے ساتھ رہے پاسبانِ عقل- لیکن کبھی کبھی اسے تنہا بھی چھوڑ دے

અર્થાત દિલની લાગણીઓ ઉપર બુદ્ધિનો ચોકીદાર બેસાડી રાખો એ સારી વાત છે, પણ ઘણીવાર દિલને એકલું – સ્વતંત્ર છોડી દેવું જોઈએ અને દિલની લાગણીઓને પણ માન આપવું જોઈએ.

# માહે રમઝાનમાં
# નબીએ કરીમ (સલ.)ની સખાવત

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે નબીએ કરીમ (સલ.) સૌથી વધારે સખી હતા અને રમઝાન માસમાં જયારે હઝરત જિબ્રઈલ (અલૈ.) આવીને નબી (સલ)ને મળતા ત્યાર પછી તો આપની સખાવત પેહલાં કરતા પણ વધી જતી અને રમઝાનની દરેક રાતે હઝરત જિબ્રઈલ (અલૈ.) આવીને નબીએ કરીમ (સલ.) સાથે મુલાકાત કરતા હતા. અને કુર્આન મજીદનું દોર (પુનરાવર્તન) કરતા હતા. અને જયારે હઝરત જિબ્રઈલ અલૈ. નબી (સલ.) ની ખિદમતમાં આવતા તો આપ (સલ.) વાદળો અને પાણી લાવનાર હવા કરતા પણ વધારે સખાવત કરતા.

આમ પણ સર્વ ગુણો નબીએ કરીમ (સલ.)ની જાતમાં સંપૂર્ણ પણે હતા જ! સખાવત પણ પરિપૂર્ણતાનો એક ગુણ છે જે નબીએ કરીમ (સલ.)માં સૌથી વધારે હતો. હદીસમાં આવે છે કે નબીએ કરીમ (સલ.)એ કયારેય કોઈને કોઈ પણ વસ્તુની ના પાડી નથી, જો આપની પાસે તે વસ્તુ હોતી તો આપી દેતા, નહીતર વાયદો કરી દેતા. અથવા તે માણસને એમ કહી દેતા કે (હમણાં) કોઈ પાસેથી કરજ લઈ લો, પછી તેની અદાયગીની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

એક વાર એક ઔરત નબી (સલ.)ની પાસે આવી અને લુંગી માટે એક કપડું આપ (સલ.)ને (ભેટરૂપે) આપ્યું, અને એમ કહયું કે એ અલ્લાહના રસૂલ! આ મેં મારા હાથથી તૈયાર કર્યુ છે કે આપની ખિદમતમાં રજૂ કરૂં. જે આપ મારા આ (હદિયા)ને સ્વીકારો, આપ (સલ.)એ તેને કબૂલ કર્યુ અને તે ઘડીએ આપ (સલ.)ને તેની જરૂરત પણ હતી. રિવાયતમાં છે કે તે ઘડીએ નબીએ કરીમ (સલ.) પાસે બીજુ કોઈ કાપડ ન હતું. જેથી આપ (સલ.) પોતાના ઘરે તશરીફ લઈ ગયા અને

જયારે બીજી વાર પરત આવ્યા તો એ જ કપડુ પહેર્યુ હતું. જયારે આપ મજલિસમાં પધાર્યા તો એક સહાબી કાપડને હાથ લગાડી જોતાં કહયું એ અલ્લાહના રસૂલ! ઘણુ સરસ કાપડ છે! મને આપી દો. હુઝૂર (સલ.)એ ફરમાવ્યું ઠીક છે. જેથી આપ (સલ.) બીજી વાર મજલિસમાંથી ઉઠી ઘરે ગયા. અને ત્યાં આપ (સલ.)એ તે કપડું કાઢીને તે સહાબી (રદિ.) પાસે મોકલી દીધુ.

હુઝૂર (સલ.)ના તશરીફ લઈ ગયા પછી બધા સહાબા (રદિ.)એ તે સહાબી (રદિ.)ને સંબોધીને કહયું કે યાર તુ પણ ખરો માણસ છે, આ વસ્તુ એવા સમયે આવી હતી કે આપ (સલ.)ને તેની ખુબ જ જરૂરત હતી એટલા માટે આપ (સલ.)એ તરત જ પોતાની જરૂરત માટે તેને ઉપયોગમાં પણ લઈ લીધુ હતુ. અને તમે માંગણી કરી લીધી. તમને ખબર તો છે કે નબી (સલ.)ની મુબારક ટેવ મુજબ આપ (સલ.) કયારેય કોઈને ના પાડતા નથી. એક વાર બહરૈનથી માલ આવ્યો ૯૦ હજાર દિરહમ હતા, આપ (સલ.) એ એ બધો સામાન (દિરહમ) મસ્જિદના સહનમાં નંખાવી દીધો અને તેને વહેંચવાનું શરૂ કર્યુ. સાંજ પડતા પેહલા તે બધા જ દિરહમ વહેંચી દીધા અને પાઈ પણ પોતાની પાસે રાખી નહીં, આ હતી નબીએ કરીમ(સલ.)ની સખાવત !! એટલે જ તો કહે છે કે આપ (સલ.) લોકોમાં સૌથી સખી માણસ હતા.

## રમઝાન માસમાં નબી (સલ.)નો નિત્યક્રમ

નબીએ કરીમ (સલ.) રમઝાન મહીનામાં રોજ રાત્રે હઝરત જિબ્રઈલ (અલૈ.)ની સાથે કુર્આનનું દૌર કરતા હતા. હઝરત જિબ્રઈલ (અલૈ.) હુઝૂર (સલ.)ને કુર્આને પાક સંભળાવતા અને નબીએ કરીમ (સલ.) હઝરત જિબ્રઈલ (અલૈ.)ને સંભળાવતા, નબીએ કરીમ (સલ.)નો દરેક રમઝાનમાં આ મામૂલ રહેતો. આપણે ત્યાં સામાન્યપણે રમઝાન માસમાં હાફિઝોના દોરનો રિવાજ છે આ પણ નબીએ કરીમ (સલ.)થી સાબિત છે. અને આપ (સલ.)ના જીવનના અંતિમ રમઝાનમાં આ દોર (પુનરાવર્તન) બે વખતે થયું.

શરઈ માર્ગદર્શન

## ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

### ખેતપેદાશની ઝકાત એટલે કે ઉશ્રનો હુકમ

સવાલઃ ખેતીના પાકનુ જે ઉશ્ર આપવાનું હોય છે, તેનું પ્રમાણ કેટલુ છે, મતલબ કે કેટલા ટકા ઉશ્ર આપવાનું છે ? તેમજ તે ઉશ્ર કયા દરજામાં છે, ફર્ઝ, સુન્નત કે વાજિબ ? ઉશ્રની રકમ કોઈ ગેર મુસ્લિમને અપાય કે કેમ? પીયાત અને બિનપિયાત બન્નેવનું પ્રમાણ જાણાવવું.

જવાબ : حامدا مصليا و مسلما

જમીનને ખેતી અર્થે આપવાની આપણે ત્યાં બે રીતો પ્રચલિત છે (૧) જમીનને આધે ભાગે આપવી (૨) જમીનને દાણ (કિંવા ભાડે) આપવી. બીજી સૂરતમાં જમીનથી થતા પાકમાં જમીન માલિક ઉપર ઉશ્ર વાજિબ નહીં થશે; કારણ કે ઉશ્ર (કિંવા જમીનના પાકની ઝકાત) નો સંબંધ પાકથી છે અને સદર સૂરતમાં જમીન માલિકની પાક હોતી નથી.

અલબત્ત અગર પ્રથમ સૂરત મુજબ જમીનને ખેતી અર્થે આપવાની હોય, તો જે કંઈ પાક આવે, તેમાંથી ખેતીનો ખર્ચ બાદ કર્યા વિના તેમાંથી ઉશ્ર કાઢવું વાજિબ છે. જમીન માલિકના ભાગે આવેલ પાકમાંથી જમીન માલિક કાઢશે અને ખેડૂતના ભાગે આવેલ પાકમાંથી ખેડૂત કાઢશે, બીજી સૂરતમાં પાક લેનાર વ્યકિતના શિરે ઉશ્રની અદાયગી વાજિબ થશે.

*(મહમુદુલ ફતાવાઃ૧/૨૨૨, કામૂસુલ ફિકહઃ ૪/૩૯૫ ઉપરથી)*

ઉશ્રની માત્રા બાબત વિગત નીચે મુજબ રહેશે.

(૧)જમીનથી ટયૂબવેલ વડે કુંવા વિગેરે દ્વારા પાક લેવામાં આવી હોય તો એવી સૂરતમાં કુલ પાકનો વીસમો ભાગ કિંવા ૫ ટકા પાક ઉશ્ર પેટે આપવો પડશે. (૨) વરસાદના પાણીથી ખેતી કરવામાં આવી હોય તો કુલ પાકનો દસમો ભાગ કિંવા ૧૦ ટકા પાક ઉશ્ર પેટે આપવો પડશે. (૩) અને જો વરસાદ અને સિંચાઈ બંને રીતે પાક લેવામાં આવી હોય અને વધુ પ્રમાણમાં

વરસાદનું પાણી હોય, તો પછી ઉશ્ર પેટે ૧૦ મો ભાગ પાકનો આપવો પડશે. અને જો વધુ પ્રમાણની સિંચાઇ ટયૂબવેલ વિગેરેથી થઇ હોય તો પછી કુલ પાકનો ૨૦ મો ભાગ કિંવા ૫ ટકા ઉશ્ર પેટે આપવો પડશે.

*(શામી,દુર્રેમુખ્તારઃ ૨ / ૫૪–૫૫, ઈમ્દાદુલ ફતાવાઃ૨/૫૮–૬૯ ઉપરથી)*

ઉશ્રના વાજિબ થવા માટે વર્ષનું પાક ઉપર પુરુ થવું શર્ત ન હોય, વર્ષમાં જેટલી વખતે પાક લો, તેટલી વખત ઉશ્ર ઉપરોકત વિગતેથી આપવાનું રહેશે. ઉશ્રનો હકદાર તે જ છે જે ઝકાતનો હકદાર છે, માટે ઉશ્ર ગેરમુસ્લિમને આપવું દુરૂસ્ત નથી.

## સરકાર તરફથી મળતી હજ સબસીડીની હુકમ

સવાલઃ ભારત સરકાર જે હજ કરવા માટે સબસીડી આપે છે, તે લેવી જાઈઝ છે ? એ સૂરતમાં હજ દુરૂસ્ત ગણાશે કે કેમ? તેમજ કૃષિલોન ઉપર ૫૦ ટકા સબસીડી આપે છે તે જાઈઝ છે કે કેમ?

જવાબ : حامدا مصليا ومسلما હજ માટે આપવામાં આવતી સબસીડી લેવી જાઈઝ છે, કૃષિલોન બાબત હુકમ એ છે કે તેમાંથી સબસીડી બાદ કરતા, આપે લીધેલ લોન કરતા વધુ રકમ ભરપાઈ ન કરવી પડતી હોય તો આ પ્રકારની લોન લેવી દુરૂસ્ત છે, આવી સૂરતમાં આ વ્યાજુ લોન નહીં કહેવાશે.

અને જો સ્થિતિ આમ ન હોય તો આ પ્રકારની લોન લેવી વ્યાજુ વહેવાર છે. જેને કલામે પાક અને હદીસ શરીફમાં સાફ શબ્દોમાં હરામ ઠેરવવામાં આવી છે. અને એના આચરણ ઉપર સખત વઈદ સંભળાવવામાં આવી છે.

## મશરૂમ ખાવાનો હુકમ

સવાલઃ આપણા ત્યાં ચોમાસામાં મશરૂમ નામની એક વનસ્પતિ ઉગે છે, જેને આપણે કુતરાના કાન, બિલાડીનો ટોપ તરીકે જાણીએ છીએ, પણ તે એક પ્રકારની વનસ્પતિ સબજી છે, હિમાચલ પ્રદેશ, પંજાબ અને કાશ્મીરમાં તેની ખેતી કરવામાં આવે છે, તો આ મશ્રૂમ ખાવા આપણાં (મુસલમાન) માટે જાઈઝ છે કે કેમ?

જવાબઃ જાઈઝ છે. *(ઉમ્દતુલ કારીઃ૧૮/૮૮,કિતાબુલ ફતાવાઃ૬/૧૯૦ ઉપરથી)*

## છાતી, પેટ વગેરેના વાળ મુંડવાનો હુકમ

સવાલઃ આપણા શરીર ઉપર જે વાળ ઉગે છે, જેવા કે છાતી, પેટ ઉપર, તો ઉનાળામાં ખૂબ પસીનો થવાથી તો જગ્યાએ એલર્જી થાય છે, તો તે

જગ્યાના વાળ કાપવા જાઈઝ છે કે કેમ ? ઘણા લોકોની માન્યતા છે કે છાતી,પેટ અને પીઠના વાળ કાપવાથી જનાઝો ભારે થઈ જાય છે. ગુનો થાય છે વિગેરે.

જવાબ : حامدا مصليا و مسلما

છાતી, પીઠ, પેટ વિગેરેના વાળ મુંડવા અને રાખવા બંને જાઈઝ છે.

*(મસાઈલે બેહશ્તી ઝેવરઃ ૨/૨૬૭ ઉપરથી)*

મારી જાણ મુજબ આપે લખેલ લોકમાન્યતાઓની કોઈ અસલ નથી.

*(ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.)*

---

## દુઆએ મગફિરતની દરખાસ્ત

દા.ઉ. બરોડાના માજી ઉસ્તાદે હદીસ, નાયબ મોહતમિમ દુધવાલા સમાજના પ્રમુખ અને રાહબર, દાવત વ તબ્લીગના અગ્રણી જિમ્મેદાર, હઝરત અકદસ મવલાના કમરુઝઝમાન સાહેબ દા.બ.ના ખલીફા જનાબ મવલાના ઈકબાલ દૂધવાલા સાહેબ રહ.પાછલા દિવસોમાં વડોદરા ખાતે ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

સામજિક કાર્યકર, જમી. ઉલમા જિ. ભરૂચના માજી નાયબ પ્રમુખ, ટંકારીઆ ગામની મસ્જિદ, મદરસા અને અન્ય સંસ્થાઓના જિમ્મેદાર જનાબ સુલેમાન ભૂતા સા. પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત કરે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

જામિઅહના મુહસિન, હમદર્દ, હાજી ઐયૂબભાઈ ઉઘરાતદાર, બ્લેકબર્ન ખાતે ઈન્તેકાલ ફરમાવી ગયાના સમાચાર છે. મરહૂમ જામિઅહના મુહસિન જનાબ અ. હય મુન્શી સાહેબના વેવાઈ પણ થતા હતા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત કરે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

જામિઅહના દરજએ હિફઝના ઉસ્તાદ જનાબ હાફેજ ઈલ્યાસ સાહેબ મામલી, કાવી વાલા સાહેબના કાકા પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા.ઈન્નાલિલ્લાહ... અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

વાચકોથી બધા મરહૂમીન માટે દુઆએ મગફિરત અને ઈસાલે સવાબની દરખાસ્ત છે.

● ● ● ● ●

બોધકથા

પત્નિની હત્યાનો કેસ અને હત્યાનો આરોપ પતિ ઉપર હતો, બધા જ પુરાવાઓ એના ગુનેગાર હોવાનું સમર્થન કરતા હતા. બસ ફકત હત્યા કરેલ પત્નિની લાશ હજુ હાથ લાગી ન હતી. સુનાવણી છેલ્લા તબક્કે હતી, જજ પતિને હત્યારો માનીને ફાંસીની સજા આપવાનું નક્કી ચુકયા હતા.

કોર્ટ રૂમમાં બધા અદ્ધર શ્વાસે જજના નિર્ણયની રાહ જોઈ રહયા હતા. આરોપી પતિના વકીલ તરફથી છેલ્લી રજૂઆત બાકી હતી.

વકીલે પોતાના ભાથાની છેલ્લી દલીલ રજૂ કરતાં કહયું કે, જયાં સુધી અદાલતને આરોપીના ગુનેગાર હોવાનું યકીન ન થઈ જાય, કોઈને ગુનેગાર ગણીને ફાંસી જેવી સજા આપવી અન્યાય છે. આ કિસ્સામાં મરનારની લાશ હજુ મળી નથી, શકય છે કે એ જીવંત હોય, બલકે હું કહું છે, આરોપીની પત્નિ હજુ ૧૦૦ ટકા જીવંત છે, અને આજે હું એને જીવતી તમારી સમક્ષ રજૂ કરી રહયો છું. વકીલ એ પછી એ સ્ત્રીનું નામ લઈને પોકારે છે અને અંદર આવવાનું કહે છે, બધા લોકોની આંખો કોર્ટના દરવાજે ચોંટી જાય છે. પરંતુ કોઈ અંદર આવતું નથી.

વકીલ હવે કહે છે કે જજ સાહેબ ! તમે બધાને એ સ્ત્રીની હત્યા અને આરોપીના હત્યારા હોવા વિશેની ૧૦૦ ટકા ખાતરી હતી તો પછી દરવાજે જોવાનો શો મતલબ ? આ બાબત પુરવાર કરે છે કે તમારા મતે આરોપીએ હત્યા કરી છે એ પુરવાર થયું નથી. માટે આવા માણસને ગુનેગાર ગણીને ફાંસીની સજા કરવી અન્યાય છે. કોર્ટ રૂમમાં ગણગણાટ થાય છે અને લોકો વકીલની ચાલાકીને દાદ આપે છે. પણ ... તુરંત જ જજ સાહેબ ચુકાદો સંભળાવે છે કે આરોપીને ફાંસીની સજા આપવામાં આવે છે. અને સન્નાટો પ્રસરી જાય છે.

જજ સાહેબ કહે છે : વકીલની વાત સાચી હતી કે હજુ અમને હત્યા વિશે કંઈક શંકા હતી અને દરવાજે નજર કરતા હતા. પણ ત્યાર પછી જયારે કોઈ અંદર આવ્યું નહીં તો હવે વકીલ સાહેબ તમે જ બતાવો ? હવે શંકાને કોઈ સ્થાન છે ? કે પછી હત્યાની વાત પાકી સમજવામાં આવે ?

કહાનીનો સાર આ છે કે, શંકા અને અસમંજસ પછી આગળ યકીન અને શ્રદ્ધાની મંઝિલ પણ હોય છે. માણસની નજર એના ઉપર હોવી જોઈએ. વકીલ અને કોર્ટરૂમના હાજરજનો ફકત શંકા અને અસમંજસમાં જ અટવાય પડયા પણ જજ સાહેબ એનાથી આગળ નીકળીને યકીનની મંઝિલે પહોંચવામાં સફળ રહયા. અસમંજસના અવસરોએ અવઢવમાં અટવાયા વગર માણસે થોડું વધારે ઊંડું વિચારીને યકીનની મંઝિલ શોધવી જોઈએ. ●●●●●●

# THE PHILOSOPHY OF RAMADAN

The ninth month of the Islamic calendar is called "Ramadan" and it is the most meritorious month of the whole year. Since there are many specific rules peculiar to this, month, we would like to deal with its characteristics in a rather detailed manner under different sections.

The Holy Qur'an has expressly told us that the basic objective for which man is created by Allah is that he "worships" Him:

**WAMA KHALAQTUL INSA WAL JINNA ILLA LIYABUDOON**

*And I did not create Jinn and human beings except that they should worship Me. (Chapter Zariyat: 56)*

The word used by the Holy Qur'an for the worship is "Ibadah" which has a much wider sense than "worship". In English, the word "worship" normally indicates to some specific acts or rituals meant exclusively to show one's reverence to his Creator. But the word "ibadah' is not restricted to such acts or rituals, rather, it embodies any act done in submission to Allah's commands and to seek His pleasures. Therefore, many acts which seem to be mundane in nature are included in the word of ‘ `ibadah’ like earning one's livelihood through halal (permissible) means and in order to fulfill one's obligations towards his dependants.

However, `ibadah is of two kinds. At the first place there are acts meant exclusively to worship Allah, having no worldly objective, like Salah, fasting etc. These are direct acts of `ibadah' while the other kind of `ibadah' includes the acts which are primarily mundane, but they are converted into an `ibadah' when they are performed in full conformity with Shari`ah and with an intention to discharge one's obligations. Therefore, these acts are treated as 'ibadah' in an indirect manner. It is obvious that the direct acts of '`ibadah' should be superior to the indirect ones.

Now, while prescribing very few acts of direct `ibadah in one's daily life, like the salah which is performed five times a day, Islam has left its followers mostly with the indirect acts of 'ibadah like eating, drinking, earning the livelihood and association with one's wife, children, parents, relatives, friends and other human beings. But the primary nature of these acts being mundane, one becomes so absorbed in their worldly pleasures that their material aspects prevail on their spiritual aspect. Therefore, these acts have less spiritual strength than the direct acts of worship.

Since the direct acts of `ibadah are very few in one's daily life as compared to the indirect ones, his spiritual progress becomes slow vis-à-vis his material progress. The month of Ramadan has been designed to maintain a balance between material and spiritual aspects of the human life.

This month is meant to maximize the direct acts of `ibadah and to minimize the pure' mundane activities, so that one may accelerate his spiritual progress to make up the distance and to repair the spiritual loss one may have suffered through his deep involvement in the mundane activities during the year. The days of Ramadan are designed to keep fast which is an act of `ibadah for the whole day, and depriving oneself from any material food for many hours, it lessens the bad spiritual effects, if any, of the material pleasures. The nights of Ramadan, on the other hand, are spent in offering Tarawih and waking up for tahajjud and suhur, reducing the time of one's sleep much less than in the normal days. Moreover, apart from the prescribed acts of worship, one is supposed to offer as much optional (nafl) `ibadah in this month as he can. In this way the level of one's spiritual activities in this month is raised up much higher than in other days of the year.

This philosophy of the month of Ramadan makes it clear that this month should be devoted to the direct acts of worship as far as possible. That is why the reward of the virtuous acts in this month has been multiplied. This is to encourage the Muslims to the maximum possible acts of `ibadah.

....................

જામિઅહના દરજએ હિફ્જના ઉસ્તાદ મવલાના અબ્બાસ દસુ સાહેબ અને એકાઉન્ટન્ટ જનાબ ઝુબેરભાઈના વાલિદહ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન. વાચકોથી દુઆએ મગફિરત અને ઈસાલે સવાબની દરખાસ્ત છે.

### કાયદો અને શ્રદ્ધા

ફકત આકરો કાયદો કોઈ પણ પ્રકારની સુધારણા માટે પૂરતો નથી. કાયદાની પાછળ શ્રદ્ધા – અકીદતનું પીઠબળ હોવું જરૂરી છે.

### ઇસ્લામની ખૂબી

ઈસ્લામ એની ખૂબીઓના કારણે ફેલાયો છે. જાહેરાત અને પ્રચાર મારફતે નહીં. માટે મુસલમાનોએ એમના ધર્મના પ્રચાર કરવાના બદલે પોતે અમલ કરવા ઉપર વધારે ધ્યાન આપવાની જરૂરત છે. આપણી સંસ્થાઓ પણ નાના કાર્યો અને સેવાઓની જાહેરાત કરવાને ઘણું મહત્વ આપે છે. જે ઘણે અંશે યોગ્ય બાબત નથી.

### સદવર્તનની બુનિયાદ

દરેક માણસ સાથે શરીઅત, સંસ્કાર, બુદ્ધિ અને સમજના આધારે વર્તાવ કરો. એટલે કે સંસ્કાર અને શરીઅત શું કહે છે એ મુજબ વર્તો. સામે વાળો આપણી સાથે કેવી રીતે રહે છે એ જોવાની જરૂરત નથી.

### બુઝુર્ગો પ્રત્યે કેવી આસ્થા રાખવી

દુનિયાના દરેક બુઝુર્ગ સાથે તમે અકીદત રાખો એ જરૂરી નથી. પરંતુ કોઈ પણ બુઝુર્ગનો વિરોધ ન કરો. એમની ટીકા ન કરો, એ જરૂરી છે.

### દીનનો આધાર

દીનની વધુ પડતી બાબતોનો આધાર બુદ્ધિ – સમજ નથી. બલકે અલ્લાહ તઆલાના આદેશો છે. એટલે કે માણસે એની બુદ્ધિને શરીઅતના આદેશો મુજબ કેળવવાની છે. બુદ્ધિ સ્વયં કોઈ અટલ વસ્તુ નથી, એને જેવો તર્ક આપો એ મુજબ વળી જાય છે. સમજદાર માણસ શરીઅતના આદેશોને બુદ્ધિ મુજબ સમજીને એ મુજબ દલીલો વિચારે અને લોકોને શરીઅત સમજાવે એ દીનની મોટી સેવા છે.

### સાચો દીનદાર

સાચો દીનદાર અને સમજદાર માણસ તે જ છે જેને દુનિયા જયાં પણ મળે અને જેટલી મળે, એમાંથી પોતાનો દીન પેદા કરે. જે માણસ દીન અને શરીઅતમાંથી પોતાની દુનિયા પેદા કરે એનાથી મોટો કોઈ બેવકૂફ નથી.

### આઇના અને પથ્થરનો મુકાબલો

અલ્લામા ઈકબાલનો એક શેર છે :

જબ તક ન જિંદગી કે હકાઈક પે હો નજર
તેરા ઝુજાજ હો ન સકેગા હરીફે સંગ

એટલે કે જીવનની વાસ્તવિકતાઓ ઉપર નજર ન હશે તો તમારો આયનો પથ્થરનો મુકાબલો નહીં કરી શકે. હા, જીવનની વાસ્તવિકતાઓને સમજી લેશો તો તમારો આયનો પથ્થરનો પણ મુકાબલો કરી લેશે.

### પડતીની નિશાની

ચાર બાબતો કોઈ પણ કોમની પડતીની નિશાની છે : ૧. લોકો ઈલ્મ હાસિલ ન કરે. /૨. ઈલ્મ ઉપર અમલ ન કરે. /૩. ઈલ્મના વિરુદ્ધ અમલ કરે. / ૪. લોકોને ઈલ્મથી રોકવામાં આવે.